dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 66 | AD - 2025, Magshar Vad -05 | Tuesday, Dt.09-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોંગ્રેસે વંદે માતરમના ટુકડા કરી દીધા, આ તુષ્ટિકરણની રાજનીતિને અનુસરવાની તેની રીત હતી : મોદી

# વંદે માતરમ ગીતને લઈ પીએમ મોદીએ સંસદમાં વિપક્ષ પર પ્રહાર કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે લોકસભામાં વંદે માતરમ પર ચર્ચા શરૂ કરી, ત્યારે તેમણે વિપક્ષ પર જોરદાર પ્રહાર કર્યા. તેમણે મોહમ્મદ અલી ઝીણાના નેતૃત્વ હેઠળના મુસ્લિમ લીગના વંદે માતરમના વિરોધનો ઉલ્લેખ કર્યો અને તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ જવાહરલાલ નેહરુની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે પૂછ્યું કે મહાત્મા ગાંધીએ ૧૯૦૫માં વંદે માતરમને રાષ્ટ્રગીત કેમ માન્યું? છેલ્લી સદીમાં તેની સાથે આટલો ગંભીર અન્યાય કેમ કરવામાં આવ્યો? વંદે માતરમને શા માટે દગો આપવામાં આવ્યો? શા માટે અન્યાય કરવામાં આવ્યો? એવી કઈ શક્તિ હતી જેની ઈચ્છા પૂજ્ય બાપુની લાગણીઓને પણ વટાવી ગઈ? જેણે વંદે માતરમ જેવી પવિત્ર ભાવનાને પણ વિવાદમાં ખેંચી લીધી? વડાપ્રધાન મોદીએ કહ્યું કે મહાત્મા ગાંધીએ ૨ ડિસેમ્બર, ૧૯૦૫ ના રોજ લખ્યું હતું કે, "બંકિમચંદ્ર દ્વારા રચિત વંદે માતરમ ગીત સમગ્ર બંગાળમાં લોકપ્રિય બન્યું છે. સ્વદેશી ચળવળ દરમિયાન, બંગાળમાં વિશાળ મેળાવડા યોજાયા હતા. લાખો લોકો વંદે માતરમ ગાવા માટે ભેગા થયા હતા. આ ગીત એટલું લોકપ્રિય બન્યું છે કે તે આપણું રાષ્ટ્રગીત બની ગયું છે." તેની ભાવનાઓ ઉમદા છે અને તે અન્ય રાષ્ટ્રોના ગીતો કરતાં મધુર છે. તેનો એકમાત્ર હેતુ આપણામાં દેશભક્તિ જાગૃત કરવાનો છે. તે ભારતને માતા તરીકે જુએ છે અને તેની પ્રશંસા કરે છે.' પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું, "વંદે માતરમ, જેને મહાત્મા ગાંધીએ ૧૯૦૫માં રાષ્ટ્રગીત તરીકે જોયું હતું, તેની સાથે છેલ્લી સદીમાં આટલો



અન્યાય કેમ કરવામાં આવ્યો? વંદે માતરમ સાથે દગો કેમ કરવામાં આવ્યો? શા માટે અન્યાય કરવામાં આવ્યો? એવી કઈ શક્તિ હતી જેની ઈચ્છા પૂજ્ય બાપુની લાગણીઓને પણ ઢાંકી દેતી હતી? વંદે માતરમ જેવી પવિત્ર ભાવનાને પણ કોણે વિવાદમાં ખેંચી લીધી?" પીએમ મોદીએ કહ્યું, "વંદે માતરમને યાદ કરવું આપણા બધા માટે સૌભાગ્યની વાત છે; આપણે એક ઐતિહાસિક પ્રસંગના સાક્ષી છીએ. પીએમ મોદીએ કહ્યું, "વંદે માતરમ ફક્ત રાજકીય સ્વતંત્રતાનો મંત્ર નથી; તે ભારત માતાને સંસ્થાનવાદના અવશેષોથી મુક્ત કરવા માટે એક પવિત્ર યુદ્ધનો નારો હતો. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે વંદે માતરમના ટુકડા કરી દીધા. આ તુષ્ટિકરણની રાજનીતિને અનુસરવાની તેની રીત હતી. તુષ્ટિકરણની રાજનીતિના દબાણ હેઠળ, કોંગ્રેસે વંદે માતરમના વિભાજન સામે ઝૂકવું પડ્યું. તેથી, કોંગ્રેસને એક દિવસ ભારતના ભાગલા સામે પણ ઝૂકવું પડ્યું." પીએમ મોદીએ કહ્યું, "મોહમ્મદ અલી ઝીણાએ ૧૫ ઓક્ટોબર, ૧૯૩૬ ના રોજ લખનૌથી વંદે માતરમ વિરુદ્ધ નારા લગાવ્યા હતા. આનાથી તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ જવાહરલાલ નેહરુની સ્થિતિ જોખમમાં મુકાઈ ગઈ હતી. મુસ્લિમ લીગના પાયાવિહોણા નિવેદનોની સખત નિંદા કરવાને બદલે, નેહરુએ વંદે માતરમ પર તપાસ શરૂ કરી. કોંગ્રેસના નેતાઓ તરફ નજર કરતાં, પીએમ મોદીએ ગૃહમાં કહ્યું, "જ્યારે વંદે માતરમ ગીતની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવી, ત્યારે દેશને કટોકટી દ્વારા જકડી દેવામાં આવ્યો હતો. ભારતીય બંધારણનું ગળું દબાવવામાં આવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું, "વંદે માતરમ ફક્ત રાજકીય સંઘર્ષ માટેનું સૂત્ર નહોતું. વંદે માતરમ ફક્ત એટલું કહેવા પૂરતું મર્યાદિત નહોતું કે 'બ્રિટીશને જવા દો અને આપણે આપણા પોતાના માર્ગ પર ઉભા રહીએ.' તે સ્વતંત્રતા માટેની લડાઈ હતી, આ માતૃભૂમિને આઝાદ કરવાની લડાઈ હતી. તે ભારત માતાને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરવા માટેનું એક પવિત્ર યુદ્ધ હતું.

# સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્યોક ટનલ સહિત રૂ. ૫,૦૦૦ કરોડના ૧૨૫ સરહદી પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૮

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સાત રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું, જેમાં પૂર્વી લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક શ્યોક ટનલનો સમાવેશ થાય છે. આ પહેલીવાર છે જ્યારે આટલી મોટી સંખ્યામાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન પ્રોજેક્ટ્સ એકસાથે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે. આમાં જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સાત અને લદાખમાં ૪૧ પ્રોજેક્ટ્સનો



પણ સમાવેશ થાય છે.

લેહના રિંચેન ઓડિટોરિયમમાં આયોજિત સમારોહમાં સંરક્ષણ મંત્રીએ જે રાજ્યોમાં વર્ચ્યુઅલી પ્રોજેક્ટ્સ સમર્પિત કર્યા તેમાં લદાખ અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો, તેમજ અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને મિઝોરમનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સમાં ૨૮ રસ્તા, ૯૩ પુલ અને ચાર અન્ય બાંધકામ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ પર ૫,૦૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા છે. ગલવાન યુદ્ધ સ્મારકનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે બીઆરઓએ ટેકનોલોજીકલ નવીનતામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. અદ્યતન એન્જિનિયરિંગ દ્વારા સંચાલિત માળખાગત પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થઈ રહ્યા છે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ, BRO એ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ અને એન્જિનિયર્સ સાથે ભાગીદારીમાં, સ્વદેશી રીતે વિકસિત ક્લાસ-૭૦ મોડ્યુલર પુલોનું નિર્માણ કર્યું છે. તેમણે કહ્યું, "આ પુલો, સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદિત કરાયા છે, જે દેશના એન્જિનિયરિંગ સ્વ-નિર્ભરતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

# સોમવારે પણ ઈન્ડિગોની ૨૦૦થી વધુ ફ્લાઈટ રદ, એરલાઈન પર તાત્કાલિક સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

ન્યુ દિલ્હી,તા.૦૮

દેશની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગોની ફ્લાઈટ સેવાઓ સોમવારે પણ પાટા પર પાછી ફરી શકી નથી. દિલ્હી, શ્રીનગર, હૈદરાબાદ, બેંગલુરુ એરપોર્ટ પરથી સવારે ૯ વાગ્યા સુધીમાં ૨૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એક દિવસ પહેલા પણ એરલાઈને ૬૫૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી હતી. જોકે, કંપનીએ ૨,૩૦૦ દૈનિક ફ્લાઈટ્સમાંથી ૧,૬૫૦નું સંચાલન કરવાનો દાવો કર્યો છે. ઈન્ડિગોના સીઈઓ પીટર એલ્બર્સે જણાવ્યું



કે- સ્થિતિ દરરોજ સુધરી રહી છે. ૧૦ ડિસેમ્બર સુધીમાં નેટવર્ક સ્થિર થવાની અપેક્ષા છે. અગાઉ કંપનીએ ૧૦ થી ૧૫ ડિસેમ્બર સુધીમાં સામાન્ય થવાની વાત કરી હતી. બીજી બાજુ, સુપ્રીમ કોર્ટે ઈન્ડિગો વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. CJI સૂર્યકાંતે કહ્યું કે ભારત સરકારે આ મુદ્દે પહેલેથી જ કાર્યવાહી કરી લીધી છે. આ કેસની સુનાવણી ૧૦ ડિસેમ્બરે થશે. ઈન્ડિગો સંકટ પર રાજ્યસભામાં સિવિલ એવિએશન મિનિસ્ટર રામ મોહન નાયડુએ કહ્યું કે જે પણ પેસેન્જર્સને વિલંબ અને કેન્સલેશનને કારણે મુશ્કેલી પડી છે, તેમના માટે કડક સિવિલ એવિએશન રિક્વાયરમેન્ટ્સ લાગુ છે. એરલાઈન ઓપરેટર્સને આ રિક્વાયરમેન્ટ્સનું પાલન કરવું પડશે. સોફ્ટવેર ઈશ્યુ વિશે, એક ઈન્ક્વાયરી કરવામાં આવી છે. આ સેક્ટરમાં સતત ટેકનોલોજી અપગ્રેડેશન થતું રહે છે. સરકાર તરફથી અમારું વિઝન દેશમાં એવિએશન સેક્ટર માટે ટોપ ગ્લોબલ સ્ટાન્ડર્ડ્સ રાખવાનું છે.




### બાંધકામ વિભાગની બેદરકારીને કારણે અકસ્માત સર્જાયો

# નાસિકના વાણી ગામ નજીક ઈનોવા કાર ખીણમાં ખાબકી : ૬ના મોત



**મૃતદેહને શોધવા ૮૦૦ ફૂટ ઉંડી ખીણમાં જવું તંત્ર માટે મુશ્કેલ બન્યુ**

નાસિક,તા.૦૮

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં વાણી ગામ નજીક ભવારી ધોધ નજીક ઘાટ વળાંક પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જ્યાં એક ઈનોવા કાર ૮૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતા એક જ પરિવારના છ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. શ્રદ્ધાળુઓ સપ્તશ્રૃંગી ગઢ માતા સપ્તશ્રૃંગીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહેવાલો અનુસાર, ઘાટ રોડ પર ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે ઈનોવા ચાલકે અચાનક કાબુ ગુમાવી દીધો અને કાર સીધી ખીણમાં ખાબકી હતી. મૃતકોની ઓળખ કીર્તિ પટેલ (૫૦), રસીલા પટેલ (૫૦), વિઠ્ઠલ પટેલ (૬૫), લતા પટેલ (૬૦), પચન પટેલ (૬૦) અને મણિબેન પટેલ (૬૦) તરીકે થઈ છે. બધા પિંપળગાંવ બસવંતના રહેવાસી છે. અકસ્માતની માહિતી મળતાં, પોલીસ, સપ્તશ્રૃંગી ગઢ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને ગ્રામ્ય પરિષદના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કાર જ્યાં પડી તે સ્થાન અત્યંત જોખમી અને લગભગ ઊભી, ૮૦૦ ફૂટ ઊંડી ખીણ છે, જેના કારણે બચાવ ટીમ માટે નીચે ઉતરવું મુશ્કેલ બન્યું છે. મૃતદેહો હજુ સુધી મળી આવ્યા નથી. સ્થાનિકોએ જાહેર બાંધકામ વિભાગ (PWD) પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેઓનું કહેવું છે કે, ઘાટના આ વળાંક પરનો રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં હતો અને વારંવાર ફરિયાદો કરવા છતાં તેનું સમારકામ કરવામાં આવ્યું ન હતું. રસ્તાની ખરાબ હાલત આ જીવલેણ અકસ્માતનું મુખ્ય કારણ હતી. નાસિકથી વધારાની બચાવ ટીમો બોલાવવામાં આવી છે, અને કામગીરી ચાલુ છે.









**ખાણ ખનીજ વિભાગને ઉંઘતુ રાખી તાલુકા પોલીસ રેતીચોરો પર ત્રાટકી, રૂ.૮૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત**

# અમરેલીના ચાંપાથળ ગામે તાલુકા પોલીસે રેતીચોરી ઝડપી પાડી

**પોલીસે ગેરકાયદે ખનન કરતા ૧૦ જેટલા વાહનો ઝડપ્યા**

અમરેલી,તા.૦૮



અમરેલી તાલુકાના ચાંપાથળ ગામ પાસે શેત્રુંજી નદીના પટમાં ચાલતા સૌથી મોટા રેતીચોરી કૌભાંડનો અમરેલી તાલુકા પોલીસે પર્દાફાશ કર્યો છે. ગેરકાયદેસર ખનન કરતા ૬ ડમ્પર, ૧ ટ્રેક્ટર, ૨ જેસીબી અને ૧ લોડર સહિત ૧૦થી વધુ વાહનોને પોલીસે ઝડપી પાડ્યા હતા. તાલુકા પી.આઈ. ઓમદેવ સિંહ જાડેજાની ટીમે રૂ.૮૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કાર્યવાહીથી રેત માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. અત્રે નોંધનીય છે કે શેત્રુંજી નદીના પટમાં રેતીચોરીની ફરિયાદો સતત વધતી હોવા છતાં, અમરેલીના ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ નિષ્ક્રિય હોવાનું અને તેઓ ઊંઘતા ઝડપાયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

**૮૭ લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો**

અમરેલી તાલુકા પોલીસને બાતમી મળી કે ચાંપાથળ ગામમાં શેત્રુંજી નદીમાં ગેરકાયદે રેતી ખનન થઈ રહ્યું છે જેથી પોલીસે ખાણ-ખનીજ વિભાગને ઉંઘતુ રાખી રેઈડ કરી હતી જેમાં પોલીસે ૧૦ કરતા વધુ વાહનો ઝડપી પાડ્યા હતા. આ તમામ વાહનો અને રેતી મળી પોલીસે કુલ રૂ.૮૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**બાબાપુરથી લઈ ક્રાંકચ સુધી બેફામ થઈ રહેલી રેતીચોરી**

અમરેલી તાલુકાના બાબાપુર ગામથી છેક લીલીયાના ક્રાંકચ ગામ સુધી રેત માફિયાઓએ શેત્રુંજી નદીને ચીરી નાખી છે. હાલરીયામાંથી પણ રેતીચોરી થતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. રેતચોરોને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ બેફામ રેતીચોરી કરી રહ્યાં છે. જો કે અમરેલી તાલુકા પોલીસે રેતીચોરી કરતા ૧૦ કરતા વધુ વાહનોને ઝડપી પાડતા રેતીચોરી કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલીના કમીગઢ ગામે ભૂગર્ભ ગટર સહિતના કામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૮



રાજ્યના ઊર્જા, કાયદો અને ન્યાય રાજ્યમંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે અમરેલી તાલુકાના કમીગઢ મુકામે રોડ, ભૂગર્ભ ગટર અને સ્નાનઘાટ સહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. રાજયમંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા કમીગઢના બે પરા વચ્ચેના પુલ પર ગત ચોમાસામાં ભરાયેલા પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખીને ત્રણ કરોડના ખર્ચે પુલને મંજૂરી આપવામાં આવી છે.

રાજયમંત્રીએ ખેડૂતોના હિત પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ગત વર્ષે અમરેલી વિધાનસભા વિસ્તારના ૫૦,૦૦૦ ખેડૂતોને રૂ. ૯૬ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી.

# બાબરાના ઈંગોરાળા ગામે કૂવામાં ડૂબી જતા યુવતીનું મોત

અમરેલી,તા.૦૮



બાબરા તાલુકાના ઈંગોરાળા ગામ ખાતે તા. ૦૮ના રોજ બપોરે ૧૩:૦૦ કલાકે કૂવામાં કોઈ અજાણી વ્યક્તિ ડૂબી જવાની ઘટના બની હતી. બાબરા ફાયર વિભાગે અમરેલી કંટ્રોલરૂમને જાણ કરતા, અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. બે કલાકની ભારે જહેમત બાદ, ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, ભુરીયા જગદીશભાઈ, ચૌહાણ પ્રવીણભાઈ, સવજીભાઈ ડાભી, મહિડા જીતેન્દ્રભાઈએ ડૂબી ગયેલ ગોરસવા ક્રિષ્નાબેન જેરામભાઈ (ઉંમર વર્ષ ૨૫)નો મૃતદેહ કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. રેસ્ક્યુ કરાયેલ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે બાબરા પોલીસને સોંપવામાં આવેલ છે.

**અમરેલી ફાયરની ટીમે કૂવામાંથી યુવતીનો મૃતદેહ બહાર કાઢ્યો**

# સા.કુંડલા તાલુકામાં મહેશ કસવાલાના હસ્તે રૂ. ત્રણ કરોડના કામોનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા તા. ૦૮



સાવરકુંડલા તાલુકામાં વિકાસની ગતિને વધુ વેગ આપવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કુલ રૂ.૩.૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના નાગરિકોને સુશાસન અને સરળ સેવાઓ મળી રહે તે હેતુથી લુવારા, જીરા અને ગોરડકા ગામોમાં રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે એમ કુલ રૂ.૭૫ લાખના ખર્ચે નવીન ગ્રામ પંચાયત (ગ્રામ સચિવાલય) ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સીમરણ ગામે દલિતવાસ વિસ્તારમાં વર્ષો જૂની પાણી નિકાલની સમસ્યા હલ કરવા રૂ.૬૦ લાખના ખર્ચે સ્લેપ ડ્રેન તેમજ પ્રોટેક્શન વોલ બનાવવાનું કામ મંજૂર કરાયું છે, જેનાથી આસપાસના મકાનો અને જમીનનું ધોવાણ અટકશે.

વાહનવ્યવહારને સુરક્ષિત અને સુલભ બનાવવા માટે જીરા–ચાંદગઢ રોડ પર રૂ.૧ કરોડના ખર્ચે નિર્માણ પામનારા મહત્વપૂર્ણ બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ સીમરણ પેટા આરોગ્ય કેન્દ્ર પાસે રૂ.૬૫ લાખના ખર્ચે બનનારા બ્રિજનું પણ કામ શરૂ કરવામાં આવ્યું છ. ધારાસભ્યએ જીરા–જીરા સ્ટેશન રોડ, જીરા ગામ, બોરાળા, ઓળીયાથી નાના ભમોદ્રા અને નેસડીથી સાવરકુંડલા વચ્ચે બની રહેલા વિવિધ માર્ગોના ચાલુ કામોનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે, "વિકાસકાર્યોને ગતિ આપવા સરકાર પ્રતિબદ્ધ છે અને દરેક ગામમાં મૂળભૂત સુવિધાઓનું સશક્તિકરણ એ અમારી પ્રાથમિકતા છે." આ કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લા પંચાયતના હોદ્દેદારો, સંગઠનના અગ્રણીઓ, સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને વિકાસકાર્યોને વધાવી લીધા હતા.

# મોંઘીબા મહિલા કોલેજમાં સાયબર સુરક્ષા અવેરનેસ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૮



આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા વિશે જાગૃતિ અત્યંત અગત્યની બની છે. વિદ્યાર્થિનીઓમાં ઓનલાઈન સલામતી, ડેટા સુરક્ષા અને જવાબદાર ડિજિટલ વપરાશ અંગે જાગૃતિ ફેલાવવા અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ ખાતે કવચ કેન્દ્ર અંતર્ગત તારીખ ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર સુરક્ષા અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં અમરેલી જિલ્લાના સાયબર સુરક્ષા સેલમાંથી સમીરભાઈ ખાન અને જયભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમીરભાઈ ખાન દ્વારા સરળ ભાષામાં સાયબર સુરક્ષાના વિવિધ પાસાની સમજ આપવામાં આવી હતી. તેમણે બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓને સાયબર ક્રાઈમના પ્રકાર સમજાવી ઓનલાઈન ફ્રોડ, ફિશિંગ, પાસવર્ડ સેફ્ટી અને સોશિયલ મીડિયા સિક્યુરિટી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# રાજુલાના હોમગાર્ડ કમાન્ડર અજયસિંહ ગોહિલને શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ

રાજુલા,તા.૦૮



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરના હોમગાર્ડ યુનિટના કમાન્ડર અજયસિંહ ગોહિલને ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ઉત્તમ સેવાકાર્ય બદલ જિલ્લા કમાન્ડર રોહિતભાઈ મહેતાના હસ્તે વિશેષ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગોહિલ છેલ્લા ચાર વર્ષથી હોમગાર્ડ કમાન્ડરનો ચાર્જ સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે. ગત વર્ષે અજયસિંહે પોતાના વિભાગની પીસી લેવલની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી કમાન્ડર રેન્ક પ્રાપ્ત કર્યો હતો, જે તેમના કારકિર્દીની મહત્વપૂર્ણ મંજિલ સાબિત થઈ હતી. હોમગાર્ડ સ્થાપના દિવસનાં અવસરે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડરે તેમની આ સતત ઉત્તમ કામગીરીને બિરદાવી તેમને એવોર્ડ આપી શુભેચ્છા પાઠવી હતી. આ સન્માન બદલ રાજુલાના વિવિધ સમાજના આગેવાનો, મિત્રો, અને નાગરિકોએ અજયસિંહને અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરાના મોટા દેવળીયા, ત્રંબોડા-ઘુઘરાળા રોડને રિસર્ફેસીંગ કરવા જનક તળાવીયાએ રૂ.૧૬.૫૦ કરોડ મંજૂર કરાવ્યા

બાબરા, તા.૦૮



લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોથી બાબરા તાલુકાના મોટા દેવળીયા, ત્રંબોડા અને ઘુઘરાળા ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૬.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. મોટા દેવળીયા, ત્રંબોડા અને ઘુઘરાળા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૧૬.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.









**અગાઉ પણ પ્લેન ક્રેશ અને રન-વે પરથી ઉતરી ગયાની ઘટના બની ચૂકી છે**

# અમરેલી એરપોર્ટ પર ટ્રેનિંગ વિમાન રન-વે પરથી ઉતરી જતા અફરાતફરી

અમરેલી,તા.૦૮

અમરેલી એરપોર્ટ પર આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના થતા માંડ ટળી છે. એરપોર્ટ પરના ટ્રેનિંગ સેન્ટરનું એક પ્લેન રન-વે પરથી નીચે ઉતરી જતાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, રન-વે પર આવતા જ પ્લેન સ્લીપ ખાઈ ગયું અને રન-વેની બહાર નીચે ઉતરી ગયું હતું. આ ઘટનાની પુષ્ટિ અમરેલીના પ્રાંત અધિકારી મહેશ નાકીયાએ કરી હતી, જેમણે જણાવ્યું કે એરપોર્ટ મેનેજરના જણાવ્યા મુજબ આ ઘટના બની હતી અને કોઈ જાનહાનિ થઈ નથી.

જોકે, આ એરપોર્ટ પર ટ્રેનિંગ સેન્ટરનું પ્લેન રન-વે પરથી નીચે ઉતરી જવાની આ ત્રીજી ઘટના છે, જે એરપોર્ટની ગંભીર બેદરકારી સૂચવે છે. અગાઉ પણ બે આવી ઘટનાઓ બની ચૂકી છે. એટલું જ નહીં, એક ઘટનામાં તો પ્લેન ક્રેશ થવાથી આગ લાગી હતી અને પાઈલટનું મૃત્યુ થયું હતું. એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ ઘટનાને મીડિયા સુધી ન પહોંચે તે માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા.



આ પ્રકારની ઘટનાઓનું વારંવાર પુનરાવર્તન થવું એ એરપોર્ટ પરની સલામતી અને ટ્રેનિંગ સેન્ટરના સંચાલન સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે છે. અત્રે નોધનીય છે કે, અમરેલી શહેર પર ટ્રેઈની વિમાન ઉડતા હોવાથી આ બાબતે શહેરીજનોએ કલેક્ટરને આવેદનપત્ર પણ પાઠવેલું હતું પરંતુ શહેરીજનોની રજૂઆત હજુ સુધી ધ્યાને લેવાઈ નથી. ટ્રેઈની વિમાન શહેર પર ઘરઘરાટી બોલાવતું હોવાથી હજુ પણ શહેરીજનોને કોઈ મોટો અકસ્માત થશે તેવો ભય સતાવી રહ્યો છે કારણ કે ભૂતકાળમાં રહેણાંક વિસ્તારમાં ટ્રેઈની વિમાન ક્રેશ થયું હોવાની ઘટના બની ચૂકી છે.

**એરપોર્ટ ઓથોરિટીએ ઘટના છુપાવી પરંતુ પ્રાંત અધિકારીએ આ ઘટનાની પુષ્ટિ કરી**

## સાવરકુંડલા પોલીસે ગુમ થયેલ મોટરસાયકલ ઝડપી માલિકને સોંપ્યું




સાવરકુંડલા,તા.૦૮

ગુજરાત પોલીસની 'તેરા તુજકો અર્પણ' પહેલ સકારાત્મક પરિણામ આપી રહી છે. સાવરકુંડલા ટાઉન પોલીસે અરજદારની ગુમ થયેલ મોટરસાયકલને માત્ર કેટલાક કલાકોમાં હ્યુમન સોર્સના આધારે શોધી કાઢ્યું હતું. બાદમાં મોટરસાયકલને તેના મૂળ માલિકને સત્તાવાર રીતે પરત અપાયું હતું. નાગરિકોની સલામતી અને સુવિધાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલી આ કામગીરીથી સ્થાનિકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

## ખડસલી લોકશાળામાં માનસિક તાણ અંગે સેમિનારમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા**


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામ સ્થિત લોકશાળા વિદ્યાલય ખાતે માનસિક તાણ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન થયું હતું. વીજપડી C.H.C.ના અધ્યક્ષ ડૉ. વિજય શેતાએ વિદ્યાર્થીઓમાં દિવસેને દિવસે વધી રહેલા માનસિક તાણ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે માનસિક રોગોના કારણો, તાણ ઊભું થવાના કારણો તથા તેની અસર વિશે સરળ ભાષામાં સમજાવ્યું. સાથે જ તાણથી મુક્ત થવા માટે જરૂરી પગલાં, સકારાત્મક વિચારસરણી, યોગ્ય માર્ગદર્શન અને મોબાઈલના વધારે પડતા ઉપયોગથી બચવાની ખાસ સલાહ આપી હતી. વિદ્યાર્થીઓ નાજુક અવસ્થામાંથી પસાર થતા હોય, ત્યારે ગેરસમજ, ખોટો ભરોસો અને બાહ્ય દબાણો કેવી રીતે તેમને માનસિક રીતે અસર કરે છે તે અંગે પણ જાગૃતિ અપાઈ હતી.

## સા.કુંડલા નજીક ગૌશાળામાં બળદ પર સિંહે હુમલો કરતા ફફડાટ



સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા-નેસડી રોડ પર આવેલી શ્રી કૃષ્ણ ગૌશાળામાં રવિવારે રાત્રે સિંહ ઘૂસી આવ્યો હતો અને એક બળદ પર હુમલો કરી તેને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. ગૌશાળાના સંચાલક બાલાભાઈ ભુવાએ તાત્કાલિક પશુચિકિત્સક બ્રિજેશભાઈને જાણ કરતા તેઓએ રાત્રે જ પહોંચી તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. સિંહના પંજા અને દાંતના ઊંડા ઘા છતાં સમયસર મળી રહેલ સારવારના કારણે બળદનો જીવ બચી ગયો છે.

## અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વાલી મિલન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૮

અમરેલી સ્થિત શ્રીજી વિદ્યાર્થી ભુવન અને સરસ્વતી વિદ્યાલય ખાતે રવિવાર, તા. ૦૭/૧૨/૨૦૨૫ ના રોજ ચાલુ સત્રના પ્રથમ વાલી મિલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધોરણ ૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ સગા-સ્નેહીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મિલન દરમિયાન વિદ્યાર્થીઓએ તાજેતરમાં લેવાયેલી ટેસ્ટના પેપરો વાલીઓને બતાવ્યા હતા અને અભ્યાસ અંગે જરૂરી માહિતી મેળવી હતી. વાલીઓએ તમામ વિષય શિક્ષકો સાથે રૂબરૂ મુલાકાત કરી હતી અને શાળા તેમજ છાત્રાલયની કામગીરી બદલ ખુશી વ્યક્ત કરી હતી. શિયાળાની ગુલાબી ઠંડીને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા અલ્પાહારમાં ગરમાગરમ ભજીયા અને ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો આનંદ તમામ વાલીગણે માણ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે સમય વિતાવી અને વાતચીત કરી વાલીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.



## ધોળકિયા ફાઉન્ડેશનના જળ સંરક્ષણ કાર્યની કચ્છ જલધારા સેવા સંઘ દ્વારા મુલાકાત

અમરેલી,તા.૦૮

પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા ગાગડીયો નદી પર થયેલ જળ સંરક્ષણની પ્રેરણારૂપ કામગીરીનો અભ્યાસ કરવા કચ્છ જલધારા સેવા સંઘના ૨૧ ગામના કાર્યકર્તાઓએ લાઠી, લીલીયા તાલુકાની મુલાકાત લીધી હતી. કચ્છના સરહદી ગામોમાં સ્થળાંતર રોકવા, રોજગારી, ખેતીની સમૃદ્ધિ અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે જળ સંરક્ષણ પાયાની જરૂરિયાત છે. આ કાર્યમાં ધોળકિયા ફાઉન્ડેશન જોડાય તે માટે સંઘ દ્વારા રજૂઆત કરાઈ હતી. સવજીભાઈ ધોળકિયાએ રાષ્ટ્રસેવા માટે આ કાર્યમાં તમામ પ્રકારનો સહયોગ પૂરો પાડવાની ખાતરી આપી હતી. આ મુલાકાતમાં કેશવલાલ ઠાકરાણી, માકાણી ભાઈ, મુકેશભાઈ, ચેતનભાઈ લીંબાણી સહિતના કાર્યકર્તાઓ જોડાયા હતા.





શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય


કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## અમરેલીના નાના માચીયાળા ગામ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૮

અમરેલી સામાજિક વનીકરણ વિભાગે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ અમરેલીના ડોક્ટરોની ટીમ સાથે મળીને ચિતલ રાઉન્ડના નાના માચીયાળા ગામ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કર્યું હતું. ગ્રામ પંચાયત અને આરોગ્ય કેન્દ્રના સહયોગથી આયોજિત આ કેમ્પમાં નાના માચીયાળા ગામના સરપંચ વનરાજભાઈ ડાંગર અને પૂર્વ તાલુકા પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વન વિભાગ દ્વારા આયોજિત આ મેડિકલ કેમ્પમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહીને નિષ્ણાત ડોક્ટરોની ટીમ પાસેથી વિવિધ રોગોની સારવાર અને નિદાન મેળવ્યું હતું.





BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સંકુલ KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
નવા પ્રવેશ
માર્ચ ૨૦૨૬ થી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad154

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## દામનગરની સગીરાને લીલીયાનો યુવક ભગાડી ગયો

અમરેલી, તા.૦૮

દામનગરમાં રહેતી એક સગીરાને લીલીયાનો યુવક લગ્નની લાલચે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના માતાએ લીલીયાના પરેશ રમેશભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની સગીર પુત્રીને આરોપી લલચાવી, ફોસલાવી બદકામ કરવાની ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

-:: જાહેર નોટીસ ::-

**મહે. શ્રીલાઠીતાલુકામેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, મું. લાઠી**

ફો.પ.અ.નં. ૧૬૪/૨૦૨૫

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી. સી. કોટડીયા રહે. લાઠી

અરજદાર : - કાલાણી રફીકભાઈ ઈકબાલભાઈ ઉ.વ.૩૬ પુખ્ત
ધંધો મજુરીકામ, ધર્મે મુસ્લીમ
રહે લાઠી તા.લાઠી, જી. અમરેલી રહે. હાલ બોટાદ

-: વિરૂધ્ધ :-

સામાવાળા : - જન્મ-મરણ નોંધણી ત. ક. મ. અધિકારી
લાઠી નગરપાલીકા કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે લાઠી ગામના રહેવાસી છે. અરજદારની પોતે કાલાણી રફીકભાઈ ઈકબાલભાઈ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પોતાની કાલાણી રફીકભાઈ ઈકબાલભાઈ નો જન્મ જે તે સમયે લાઠી મુકામે જન્મ તારીખ ૧૬/૧૨/૧૯૮૯ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ અત્રેની લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૦૮/૧૨/૨૦૨૫

સહી
શીરતેસ્તેદાર ઓફ
લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૬૧/૨૫ — તા.૦૫/૧૨/૨૦૨૫

અરજદારઃ- (૧) શ્રી મનસુખભાઈ વિરજીભાઈ ડાભી
રહે. જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી વિજય કે. સરવૈયા રહે. અમરેલી
મો.૭૮૭૮૨૦૭૭૬૬

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી જુના વાઘણીયા,
તા.બગસરા, જિ.અમરેલી

-// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મનસુખભાઈ વિરજીભાઈ ડાભી તેમના પુત્રશ્રી પ્રતાપભાઈ મનસુખભાઈ ડાભી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૮ અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના જુના વાઘણીયા મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

**રાજ્યમંત્રી કૌશિક વેકરીયા સહિતના આગેવાનોની હાજરીમાં**

# હનુમાન ખીજડીયા મુકામે સરકારી આયુર્વેદિક દવાખાનાના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૮



રાજ્યના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા મુકામે સરકારી આયુર્વેદિક દવાખાનાના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે શાળામાં યોજાયેલા અભિવાદન સમારંભને સંબોધતા રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અમરેલી જિલ્લામાં મોટા પ્રમાણમાં વિકાસકાર્યો આપી રહી છે. વડીયા તાલુકામાં લાંબા સમયથી આયુર્વેદિક દવાખાનાના નવા બિલ્ડીંગની માંગ હતી તે પણ પૂર્ણ કરવામાં આવી રહી છે. વડીયા-કુંકાવાવ તાલુકો પણ જિલ્લાની સાથે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. મુખ્યમંત્રીએ વડીયા તાલુકાની પ્રથમ સરકારી કોલેજ મંજૂર કરી અને તે શરૂ થઈ જતા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દૂર જવું પડતું નથી, તેના લીધે વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકારના હૈયે ખેડૂતોનું હીત રહેલું છે તેથી જ મુશ્કેલીના સમયમાં તાત્કાલિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ અને રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી ખેડૂતોને મુશ્કેલીમાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ કાર્યક્રમના પ્રારંભે અતુલભાઈ કાનાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, ગામના સરપંચ તેમજ અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલા ખાતે ઠાકોર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૮



સૌરાષ્ટ્રમાં અલ્પેશ ઠાકોરના માર્ગદર્શન હેઠળ ઠાકોર સેના દ્વારા ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમો યોજાયા હતા. આ સંમેલનમાં ઠાકોર સમાજને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે અજોડ ઊંચાઈએ પહોંચાડવા માટે નક્કર રોડમેપ-૨૦૨૫ રજૂ કરાયો હતો. ખાસ કરીને, સમાજનો રાજકીય ઉપયોગ બંધ કરવા અને યુવાનોને સક્રિય રાજનીતિમાં જવાબદારી સંભાળવા પ્રેરણાત્મક હાકલ કરાઈ કે "આપણો સમાજ હવે કોઈની વોટબેંક રહેશે નહીં, પણ રાજ્યના નિર્ણયોનું કેન્દ્રબિંદુ બનશે!" – ના ઉર્જાસભર સૂત્ર સાથે યુવા શક્તિને જાગૃત કરવામાં આવી હતી.

# ગરણી ગામની સીમમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે મધ્યપ્રદેશની ગેંગ ઝડપાઈ

અમરેલી, તા.૦૮

બાબરાના ગરણી ગામની સીમમાં જીવાપર ગામે જવાના રોડ નજીક આવેલી વાડીએથી પોલીસે દારૂના જથ્થા સાથે મધ્ય પ્રદેશની ગેંગ ઝડપી પાડી હતી. મધ્ય પ્રદેશના સુનીલ વાલસીંગ ચૌહાણ, સંતોષ કદમસીંગ ચૌહાણ, અમરસીંગ હકમસીંગ ડાવર, માનસીંગ ઉર્ફે મુનીયો કદમસીંગ ચૌહાણ તથા બાબરાના પાનસડા ગામના રવિરાજભાઈ પથુભાઈ વાળા ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૩૨ બોટલ સાથે પકડાયા હતા. પોલીસે દારૂની હેરાફેરીમાં વપરાયેલી કાર, મોટર સાયકલ, ચાર મોબાઈલ મળી કુલ ૫,૯૩,૪૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. થોરડી ગામેથી ૧૦ લીટર સહિત જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૪ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# બગસરા તાલુકાના મોટા મુંજીયાસરથી હળીયાદને જોડતો માર્ગ બિસ્માર હાલતમાં

બગસરા,તા.૦૮



તસવીર :વી કે સાંગાણી

બગસરા તાલુકાના મોટા મુંજીયાસરથી હળીયાદ જતો રોડ અત્યંત ખખડધજ અને બિસ્માર હાલતમાં છે, જેના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. આ રોડ પરથી બગસરા ધંધાર્થે જતા રત્નકલાકારો અને વેપારીઓ સહિત અનેક વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

જૂના પુલના નિર્માણ માટે કાઢવામાં આવેલા ડાયવર્ઝનમાં પણ મોટા ખાડાઓ પડ્યા છે, પરંતુ પુલનું કામ હજી શરૂ થયું નથી. આ રોડ જેતપુર-જૂનાગઢને જોડતો ગામડાઓ માટેનો એકમાત્ર ટૂંકો માર્ગ છે. લોકોની રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક રોડનું નવીનીકરણ અથવા મરામત નહીં થાય તો આગામી જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી ગ્રામજનો દ્વારા ઉચ્ચારાઈ રહી છે. ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે રસ્તો રિપેર કરવા માગણી કરી છે.

# જાફરાબાદ સામાકાંઠા ફીશીંગ જેટી પાસેથી વગર ટોકને માછીમારી કરવા ગયેલી બોટ પકડાઈ

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદમાં સામાકાંઠા ફીશીંગ જેટી પાસેથી વગર ટોકને માછીમારી કરવા ગયેલી બોટ પકડાઈ હતી. ભરતભાઈ નથાભાઈ બારૈયા (ઉ.વ.૫૦ ધંધો.મચ્છીમારી (ટંડેલ) રહે.સામાકાંઠા રામાપીરના મંદિર પાસે જાફરાબાદ) તથા ખલાસીઓ હિતેષભાઈ રાણાભાઈ સોલંકી ઉર્ફે સોજરાઆતાવાળા, રુદ્રાક્ષભાઈ નરેશભાઈ સોલંકી, સંજયભાઈ શંકરભાઈ બાંભણીયા, હરેશભાઈ નથાભાઈ બારૈયા તથા મનાભાઈ જેઠાભાઈ બારૈયા જાફરાબાદ સામાકાંઠા જેટીથી "આરતીદર્શન" જેના રજી નં.IND-GJ-૧૪-MM-૧૬૯ વાળી ગઈ તા.૩૧/૧૧/૨૦૨૫ ના રોજ જાફરાબાદ સામાકાંઠા જેટીએથી દરિયામાં ફીશીંગ કરવા જતા રહ્યા હતા. જે બાદ તા.૦૭/૧૨/૨૫ ના ફીશીંગ કરી પરત આવતા હોય તે દરમ્યાન દરિયામાં વગર ટોકને પકડાઈ ગયા હતા.

# કુંકાવાવ ખાતે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ APMCની આકસ્મિક મુલાકાત લીધી

વડિયા, તા.૦૮



ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ રવિવારે પ્રવાસ દરમિયાન કુંકાવાવ ખાતે નવરચિત APMCની આકસ્મિત મુલાકાત લીધી હતી. તેમણે ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા વિશે ખેડૂતો સાથે સહજ સંવાદ કરી પ્રતિભાવ મેળવ્યા હતા. કુંકાવાવ ખાતે રાજ્યમંત્રીના પ્રયાસોથી નવરચિત APMC ના માધ્યમથી બે કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી થઈ રહી છે. આ પ્રક્રિયામાં ખેડૂતોના યોગ્ય પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવા તેમજ કોઈપણ પ્રકારની અગવડ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે APMC તેમજ અધિકારીઓને સૂચના આપી હતી. ખેડૂતો દ્વારા બારદાનના માપ સાઈઝ સહિતના પ્રશ્નોનું ખેડૂતોના પક્ષમાં નિરાકરણ લાવવા માટે ઘટતું કરવા માટે સૂચના આપી હતી. આ પ્રસંગે અતુલભાઈ કાનાણી, ગોપાલભાઈ અંટાળા મનોજભાઈ હપાણી સ્થાનિક અગ્રણીઓ અને APMCના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી GIDCમાં ટ્રક ડ્રાઈવર પર હુમલો: ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

અમરેલી, તા.૦૮

અમરેલી જીઆઈડીસીમાં એક ટ્રક ડ્રાઈવર પર ચાર અજાણ્યા શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. માત્ર દસેક દિવસ પહેલાના સામાન્ય રસ્તાના વિવાદને લઈને આ હુમલો થયો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું. બનાવ અંગે જયરાજભાઈ અનકભાઈ ખુમાણએ બાબુભાઈ કાબરીયા, જતીન કાબરીયા, બાબુભાઈ કાબરીયાનો જમાઈ તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જી.આઈ.ડી.સી. સ્થિત વિશાલ મીલ ખાતે સિંગ ઉતારવા માટે ટ્રક લઈને ગયા હતા. તે દરમિયાન ચારેય આરોપીઓ તેમની પાસે ધસી આવ્યા હતા. બાબુભાઈ કાબરીયાએ તેમને કઠોર શબ્દોમાં કહેલું કે, દસેક દિવસ પહેલા તું કાઠી સમાજની વાડી પાસે ટ્રક લઈને જતો હતો અને હું મારું ટ્રેક્ટર લઈને સામે આવેલો, પરંતુ તેં તારો ટ્રક સાઈડમાં લીધેલો નહીં. તું કંઈ દાદાનો દીકરો થઈ ગયેલ છે? આટલું કહીને તમામ આરોપીઓએ ફરિયાદીને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. આરોપીએ તેના હાથમાં રહેલી લાકડીનો એક ઘા ફરિયાદીને જમણા હાથ પર માર્યો હતો. અન્ય આરોપીએ લાકડીના ઘા મારતા નીચે પડી ગયા હતા. તેઓ નીચે પડી જતાં ચારેય આરોપીઓએ ભેગા મળીને શરીરે મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનામાં ચારેય આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો આચર્યો હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. ઈજાગ્રસ્ત ટ્રક ડ્રાઈવરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા. ૦૯-૧૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

**તા.૦૯-૧૨-૨૦૨૫ મંગળવાર**

મેષ: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો, જે ભવિષ્યમાં પરિસ્થિતિને મજબૂત બનાવશે.

વૃષભ: આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

મિથુન: જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે. આ સિવાય તમે વરિષ્ઠ અધિકારીને વાણીથી આકર્ષિત કરી શકશો.

કર્ક: આજે તમે બાળકોના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાથી આનંદ મેળવશો. તમારા માતા-પિતાના આશીર્વાદ લીધા પછી ઘરની બહાર નીકળો, તમને કોઈ ખાસ સફળતા મળશે.

સિંહ: જો તમે વેપારી છો તો વ્યવસાયમાં કેટલાક નવા સકારાત્મક ફેરફારો થશે. નોકરી કરતા લોકોના અધિકારો વધશે, જે આર્થિક લાભ અને સન્માન આપશે.

કન્યા: જો કોઈ કેસ અથવા અન્ય કોઈ કાયદાકીય તપાસ ચાલી રહી છે તો સમય તમારા માટે અનુકૂળ નથી.

તુલા: આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો. રાજકારણ સાથે જોડાયેલા લોકોને લાભની સાથે નવી તકો મળશે.

વૃશ્ચિક: આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ આવા બિનજરૂરી ખર્ચા સામે આવશે, જે ઇચ્છા ન હોવા છતાં મજબૂરી હેઠળ કરવા પડશે.

ધન: આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે.

મકર: નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે. તમે તમારી વૈભવી વસ્તુઓ માટે નાણા બગાડી શકો છો.

કુંભ: આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. નોકરી કરતા લોકોના ક્રમ અને અધિકારોમાં વધારો થશે.

# મિત્રના છૂટાછેડામાં સાક્ષી બનવું ભારે પડ્યું, અમરેલીમાં યુવક પર જીવલેણ હુમલો

અમરેલી, તા.૦૮

અમરેલી શહેરમાં પ્રેમલગ્ન બાદ થયેલા છૂટાછેડાના કેસમાં સાક્ષી બનેલા એક યુવક પર પાંચ જેટલા શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી હતી. આરોપીઓએ જૂનું મનદુઃખ રાખીને આ કૃત્ય આચર્યું હતું. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. વિમલભાઈ પ્રિતમભાઈ આચાર્યએ જિગ્નેશભાઈ બાબુભાઈ ગોસાઈ, કરણભાઈ ચાંગોદર, કાજલબેન, જીગ્નેશભાઈની માતા તથા જિગ્નેશભાઈના બેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના મિત્રએ જિગ્નેશભાઈ ગોસાઈની ભત્રીજી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જોકે, બાદમાં તેમના છૂટાછેડા થઈ ગયા હતા અને તેઓ આ છૂટાછેડાના કેસમાં સાક્ષી બન્યા હતા. આ બાબતનું આરોપીને મનદુઃખ હતું. આ મનદુઃખને ધ્યાનમાં રાખીને આરોપીઓએ ફરિયાદી પર હુમલો કર્યો હતો. તેમને ઢીકા-પાટુનો માર માર્યો હતો તેમજ લોખંડની પાઈપ વડે આડેધડ મુંઢમાર માર્યો હતો.

આ દરમિયાન આરોપીઓએ વચ્ચે પડેલા સાહેદોને પણ ગળાચીપ દઈને ઝાપટો મારી હતી. તમામ પાંચેય આરોપીઓએ ભેગા મળીને તેમને બિભત્સ ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે બાદ કાજલબેન જયેશભાઈ ગોસાઈએ સોનલબેન શૈલેષભાઈ ડોડિયા, શૈલેષભાઈ ડોડિયા, જય શૈલેષભાઈ ડોડિયા, વિમલભાઈ આચાર્ય તથા તૃપ્તીબેન જયભાઈ ડોડિયા સામે ફરિયાદ નોંધાવી હતી.

# પતિએ પત્નીને ગાળો બોલી પુત્રીને જાનથી મારવાની ધમકી આપતા ચકચાર

રાજુલા, તા.૦૮

રાજુલાના ખાખબાઈ ગામે પતિએ પત્નીને ગાળો બોલી પુત્રીને જાનથી મારવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ખાખબાઈ ગામે વાડી વિસ્તારમાં રહેતા સવિતાબેન હમીરભાઈ ઉર્ફે લાખો ચુડાસમા (બારૈયા, ઉ.વ.૫૦)એ ગીર સોમનાથના કોડીનાર તાલુકાના છારા ગામના હમીરભાઈ ઉર્ફે લાખો પુનાભાઈ ચુડાસમા (બારૈયા) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિ અવારનવાર મેણાટોણા માર્યા હતા. તેમજ ગાળો બોલી મારકૂટ કરીને માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપરાંત તેમને તથા તેમની પુત્રીને ઢીકાપાટુ મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના કેરીયાનાગસ ગામે ઓઢણીનો છેડો થ્રેસરમાં આવી જતાં મહિલાનું મોત

અમરેલી, તા.૦૮

અમરેલીના કેરીયાનાગસ ગામે ઓઢણીનો છેડો થ્રેસરમાં આવી જતાં મહિલાનું મોત થયું હતું અને વિજપડી ગામે ટિફિન બનાવવા મુદ્દે પતિ સાથે માથાકૂટ થતાં પરિણીતાએ ગળાફાંસો ખાધો હતો. મૂળ મધ્યપ્રદેશના ચાંદપુર તાલુકાના પ્રતાપપુરાના અને હાલ કેરીયાનાગસ સામે રહી મજૂરી કરતા થાનસીંગ દેવલભાઈ દહેજીયા (ઉ.વ.૪૬) એ જાહેર કર્યા મુજબ, સંગલીબેન થાનસિંહ દહેજીયા (ઉ.વ.૪૪) થ્રેસર મશીનમાં માંડવી કાઢતા હતા તે દરમિયાન ઓપનેરમાં ઓઢણીનો છેડો આવી જતાં ગળાના ભાગે ઉંડો ઘા પડતા ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના વિજપડી ધાર પાછળ રહેતા સરફરાજભાઈ મહમદભાઈ કુરેશીએ જાહેર કર્યા મુજબ, ખુશીબેનને તેના પતિ સાથે ટિફિન બનાવવા મુદ્દે માથાકૂટ થઈ હતી. જેને લઈ લાગી આવતાં ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી.

# તેં મારી વિરુદ્ધમાં સોગંદનામું કર્યું છે કહી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

**લાઠીના ભાલવાવ ગામે બનાવ બન્યો**

લાઠી, તા.૦૮

લાઠીના ભાલવાવ ગામે અનોખો કિસ્સો સામે આવ્યો છે. યુવકને તેં મારી વિરુદ્ધ સોગંદનામું કર્યું છે કહી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખીશ તેમ પણ કહ્યું હતું. બનાવ અંગે છગનભાઈ ઉકાભાઈ વિરાણી (ઉ.વ.૬૨)એ બાબુભાઈ ગણેશભાઈ વિરાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ સાહેદની વાડીએ આવતા હતા તે દરમિયાન આરોપી રસ્તામાં મળ્યા હતા. તેમણે મારી તથા ઓધવજીભાઈ હિરજીભાઈ વિરાણીની વિરુદ્ધમાં તે સોગંદનામું કેમ કર્યું છે કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત ટાંટીયા ભાંગી નાખી, જાનથી મારવાની ધમકી પણ આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# ફોનમાં રાખેલા સ્ટેટસના મનદુ:ખમાં યુવકને ગાળો બોલી ધમકી આપી

**રાજુલાના ખાંભલીયા ગામે ઘટના બની**

રાજુલા, તા.૦૮

રાજુલાના ખાંભલીયા ગામે ફોનમાં રાખેલા સ્ટેટ્સના મનદુઃખમાં યુવકને ગાળો બોલી ધમકી આપવામાં આવી હતી. આ અંગે પ્રવિણભાઈ રામભાઈ સાંખટ (ઉ.વ.૪૧) એ ભવાનભાઈ સાદુળભાઈ શિયાળ તથા નરસિંહભાઈ ભવાનભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, તેમના નાના દીકરા વિવેકે સાત મહિના પહેલા મોબાઈલમાં રાખેલા સ્ટેટ્સને લઈ તેઓ વાડીએથી ઘરે જતા હતા ત્યારે બંને આરોપીએ મોટર સાયકલ રોકાવી મુંઢમાર માર્યો હતો. તેમજ જાહેરમાં ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ભારત માટે રશિયન ક્રૂડની રાજનીતિ

આંતરરાષ્ટ્રીય રાજકારણ અને વૈશ્વિક અર્થવ્યવસ્થાની ગતિવિધિઓ પર નજર રાખનાર કોઈપણ વ્યક્તિ માટે, યુક્રેન યુદ્ધ પછી રશિયન ક્રૂડ ઓઈલની નિકાસ આસપાસ સર્જાયેલી પરિસ્થિતિ એક મુખ્ય ચિંતાનો વિષય બની રહી છે. તાજેતરમાં યુરોપીયન યુનિયન (EU) અને જી-૭ દેશોએ રશિયન ક્રૂડની સમુદ્રી નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનું જે આકરૂં વલણ અપનાવ્યું છે, તે માત્ર મોસ્કો માટે જ નહીં, પણ રશિયન ક્રૂડના સૌથી મોટા ખરીદદાર એવા ભારત માટે પણ દૂરગામી અસરો પેદા કરી શકે છે. એક તરફ પશ્ચિમી શક્તિઓ રશિયાની આર્થિક કરોડરજ્જુ તોડવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, તો બીજી તરફ રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન ભારતની મુલાકાત દરમિયાન આપણા દેશને ક્રૂડ ઓઈલનો સતત પુરવઠો ચાલુ રાખવાની ખાતરી આપી રહ્યા છે. આ બે વિરોધાભાસી ઘટનાઓ વૈશ્વિક ઉર્જા બજારમાં ભારતની સ્થિતિની મહત્તા અને તેની સાથે જોડાયેલા જટિલ રાજકીય સમીકરણોને સ્પષ્ટ રીતે દર્શાવે છે. EU અને જી-૭નું આ પગલું માત્ર પ્રતિબંધ નથી, પરંતુ એક સંપૂર્ણ આર્થિક નાકાબંધી જેવું છે. તેઓ માત્ર સમુદ્રી માર્ગે નિકાસ પર પ્રતિબંધ નથી મૂકવા માંગતા, પણ તેની સાથે જોડાયેલી વીમા અને નોંધણી સેવાઓ પર પણ કડક નિયંત્રણો મૂકવા જઈ રહ્યા છે. હકીકતમાં, આ પ્રતિબંધો રશિયન ક્રૂડની હાલની 'પ્રાઈસ લિમિટ' વ્યવસ્થાને પણ રદ કરી શકે છે, જે ભારતીય રિફાઈનરીઓ માટે સસ્તા તેલની ખરીદીનો મુખ્ય આધાર બની રહી હતી. જ્યારે પશ્ચિમી દેશો આ પ્રતિબંધો ૨૦૨૬ની શરૂઆતથી લાગુ કરવાની યોજના બનાવી રહ્યા છે, ત્યારે રશિયા પાસે નિકાસ માટેના વિકલ્પો ખૂબ મર્યાદિત થઈ જશે. રશિયા માટે પોતાનું ક્રૂડ ઓઈલ બજાર સુધી પહોંચાડવું એક મોટો પડકાર બની જશે. પરિણામે, રશિયાએ જુના, અસલામત અને અસ્પષ્ટ માલિકી ધરાવતા 'શેડો ફ્લીટ' પર વધુ નિર્ભર થવું પડશે. આ ટેન્કરો આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરતા નથી, જે દરિયાઈ પર્યાવરણ અને સલામતી માટે એક ગંભીર જોખમ ઊભું કરે છે. ભારત પર તેની શું અસર થશે? તે જાણવું જરૂરી છે. ભારત માટે આ પરિસ્થિતિ બેધારી તલવાર સમાન છે. એક તરફ, રશિયાએ આપણને સપ્લાય ચાલુ રાખવાની ખાતરી આપી છે. આ ખાતરી ભારતની ઉર્જા સુરક્ષા માટે એક મોટી રાજકીય રાહત છે, જે આપણને વૈશ્વિક ભૌગોલિક રાજકીય દબાણ સામે ઊભા રહેવાની તાકાત આપે છે. જોકે, વ્યવહારિક રીતે, જ્યારે પશ્ચિમી વીમા કંપનીઓ (જેમાં મોટાભાગની વૈશ્વિક વીમા કંપનીઓનો સમાવેશ થાય છે) રશિયન ક્રૂડ વહન કરતા જહાજોનો વીમો લેવાનો ઈનકાર કરશે, ત્યારે ભારતની રિફાઈનરીઓ માટે વીમા વગરનું અથવા જોખમી વીમાવાળું ક્રૂડ ખરીદવું ખૂબ જટિલ અને મોંઘું બની જશે. ક્રૂડના ભાવમાં ભારે ડિસ્કાઉન્ટ મળવા છતાં, ઊંચા શિપિંગ અને વીમા ખર્ચને કારણે આ આયાત આર્થિક રીતે ઓછી આકર્ષક બની શકે છે. વળી, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત સપ્લાય ચેઈનનો ઉપયોગ કરવા બદલ ભારતીય કંપનીઓ પર પણ પશ્ચિમી દેશો તરફથી ગૌણ પ્રતિબંધો (Secondary Sanctions)નું જોખમ રહેલું છે. ભારતે આ સ્થિતિનો ખૂબ જ સમજદારીપૂર્વક સામનો કરવો પડશે. રશિયાનું અર્થતંત્ર તેની નિકાસ પર ઘણું આધારિત છે, અને ક્રૂડના નવા પ્રતિબંધો ખરેખર તેમના માટે ગંભીર આર્થિક મુદ્દો બની શકે છે. પરંતુ આ આર્થિક યુદ્ધમાં ભારતનું હિત સર્વોપરી હોવું જોઈએ. ભારતે તાત્કાલિક ધોરણે રશિયન ક્રૂડની આયાત માટે એક મજબૂત અને સ્વતંત્ર વૈકલ્પિક વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે.

# "ઓફિસ યોગ" આજે સૌથી વધુ જરૂરી છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારત આજે જગતમાં પ્રગતિના રાહ પર આગળ વધી રહ્યું છે ત્યારે કોર્પોરેટ સેક્ટર પણ પાછળ નથી. આમ છતાં કોર્પોરેટ કંપનીઓ પણ જો તનાવ મુક્ત રહીને કાર્ય કરે તો એના અદ્‌ભુત પરિણામો મળે છે. તણાવમુક્ત કોર્પોરેટ જીવન આજે ખાસ જરૂરી છે. મહત્તમ પ્રદર્શન અને આંતરિક શાંતિનો મંત્ર એટલે યોગમય જીવન. જેને કારણે મન એકાગ્ર થાય છે. એકાગ્ર મન કામમાં કાર્યક્ષમતા લાવે છે. આજની અત્યંત ગતિશીલ અને પડકારજનક કોર્પોરેટ દુનિયામાં, દરેક કર્મચારી અને અધિકારી પાસેથી શ્રેષ્ઠ પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવે છે. સતત બદલાતા લક્ષ્યો, સમય મર્યાદાનું દબાણ અને ઉચ્ચ સ્પર્ધાને કારણે તણાવ એક અનિવાર્ય ભાગ બની ગયો છે. જોકે, આ તણાવનો સીધો સંબંધ આપણી કાર્યક્ષમતા અને વ્યક્તિગત સુખ-શાંતિ સાથે જોડાયેલો છે. આ સંજોગોમાં, સફળતા અને આંતરિક શાંતિ એકબીજાના વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે. આ અદ્‌ભૂત સંતુલન હાંસલ કરવા માટે, આપણે બહારની દુનિયામાં ફેરફારો શોધવાને બદલે, આપણી અંદરની શક્તિઓને ઓળખીને, એક વિશિષ્ટ મંત્ર અપનાવવો પડશે, જે આપણને કોર્પોરેટ જગતમાં આપણું સર્વોત્તમ પ્રદાન કરવામાં મદદરૂપ થશે અને જીવનને વધુ ઉર્જાસભર બનાવશે. જીવનના સૌથી કઠોર સત્યોમાંનું એક એ છે કે અન્ય લોકોને બદલવા અત્યંત મુશ્કેલ છે. સહકાર્યકરો, ઉપરી અધિકારીઓ કે ગ્રાહકોની વિચારસરણી, મનોદશા કે વર્તનમાં ફેરફાર લાવવાની આશા રાખવી એ માત્ર નિરર્થક પ્રયાસ છે. વાસ્તવમાં, કોર્પોરેટ જગતમાં મોટા ભાગનો તણાવ અહીંથી જ શરૂ થાય છે - જ્યારે આપણે ઈચ્છીએ છીએ કે બીજા લોકો આપણી અપેક્ષાઓ પ્રમાણે વર્તે. આથી, કોઈ બીજાના બદલાવની રાહ જોવાને બદલે, સૌથી વધુ પ્રભાવશાળી અને સરળ માર્ગ એ છે કે આપણે પોતે બદલાવ લાવીએ. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની દ્રષ્ટિ અને કાર્યશૈલી બદલે છે, ત્યારે તે પોતાની આસપાસની પરિસ્થિતિને તદ્દન નવા અને શાંત દૃષ્ટિકોણથી જોઈ શકે છે. આ આંતરિક પરિવર્તન તરત જ તણાવ ઘટાડે છે અને વ્યક્તિની નેતૃત્વ ક્ષમતાઓને મજબૂત બનાવે છે. તમે પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કરો છો, તે તમારી સફળતાની ચાવી છે, નહી કે પરિસ્થિતિઓ પોતે કેવી છે.

આ પ્રક્રિયામાં એક બીજો મહત્વનો મુદ્દો છે બિનજરૂરી ચિંતાઓ અને અફવાઓમાંથી બહાર નીકળવું. કોર્પોરેટ જીવનમાં એવી અનેક બાબતો હોય છે જે આપણા નિયંત્રણ બહાર હોય છે - જેમ કે કંપનીની નીતિઓમાં મોટો ફેરફાર, આર્થિક મંદી, કે ઉદ્યોગના વલણો. આ બાબતો પર વધુ પડતો વિચાર કરવો, ગપસપ કરવી કે ચિંતા કરવી એ માત્ર આપણી કિંમતી ઊર્જા અને સમયનો વ્યય છે. એક અસરકારક કર્મચારી કે અધિકારી એ જ છે જે પોતાનો સમય અને ધ્યાન ફક્ત તે બાબતો પર કેન્દ્રિત કરે છે, જેના પર તેની સીધી અસર થઈ શકે અથવા જેમાં તે રચનાત્મક યોગદાન આપી શકે. તમારી શક્તિનો ઉપયોગ માત્ર રચનાત્મક કાર્યમાં જ કરવો જોઈએ,




બિનજરૂરી બાબતોમાં માથું મારવાથી માત્ર નકારાત્મકતા વધે છે. જ્યારે કર્મચારીઓ અને અધિકારીઓની વાત આવે છે, ત્યારે એ સ્વીકારવું જરૂરી છે કે કોઈપણ સંસ્થા સંપૂર્ણ હોતી નથી. દરેક ઑર્ગેનાઈઝેશનમાં તેના પડકારો અને ખામીઓ હોય છે. આ ખામીઓ અંગે સતત ફરિયાદ કરતા રહેવું એ ઊર્જાનો બગાડ છે. તેના બદલે, સંસ્થાના લાભ માટે રચનાત્મક પ્રયત્નો કરવા એ એક પરિપક્વ અને જવાબદાર અભિગમ છે. આપણી નકારાત્મક ટીકાને રચનાત્મક સૂચનોમાં બદલાવવાથી જ કાર્યસ્થળનું વાતાવરણ સુધરે છે. આ સંદર્ભમાં, એક જાણીતી ચાઈનીઝ નવયુવાનની સ્ટોરી ખૂબ પ્રેરણાદાયક છે, જેમાં તેણે વિશ્વને બદલવા માટેની કોશિશ કરી, પરંતુ અસફળ રહ્યો, કારણ કે તેણે હંમેશા બીજાઓને બદલવાનો પ્રયત્ન કર્યો. અંતે તેને સમજાયું કે જો તેણે પોતાની અંદર પરિવર્તન લાવ્યું હોત, તો તે વિશ્વમાં સકારાત્મક અસર લાવી શક્યો હોત. આ સંદેશો સ્પષ્ટ છે કે મહત્તમ પ્રદાન આપવા માટે, બીજાઓ પર ધ્યાન આપવાને બદલે, પોતાની જાતમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે. કાર્યક્ષમતા વધારવા માટે આ માનસિક પરિવર્તન ઉપરાંત, શારીરિક અને માનસિક સ્વસ્થતાની પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે. કોર્પોરેટ અધિકારીઓની કાર્યક્ષમતા અને નિર્ણાયક શક્તિ વધારવામાં ધ્યાન (મેડિટેશન) અને સૂર્યનમસ્કાર જેવી પ્રાચીન ભારતીય પદ્ધતિઓનું યોગદાન અમૂલ્ય છે. ધ્યાન એ મનને શાંત કરવાની, વિચારોના ઘોંઘાટને નિયંત્રિત કરવાની અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાની ચાવી છે. નિયમિત ધ્યાન કરવાથી અધિકારીઓની એકાગ્રતાની શક્તિમાં નોંધપાત્ર વધારો થાય છે, જેનાથી તેઓ જટિલ સમસ્યાઓનું વિશ્લેષણ વધુ સ્પષ્ટતાથી કરી શકે છે અને વધુ સારા નિર્ણયો લઈ શકે છે. ધ્યાન કરવાથી તણાવ પેદા કરતા હોર્મોન્સનું પ્રમાણ ઘટે છે, અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઉતાવળને બદલે ધીરજ અને સ્પષ્ટતા આવે છે. આના પરિણામે, તેમની લીડરશીપ શૈલી વધુ સંતુલિત અને અસરકારક બને છે. બીજી તરફ, સૂર્યનમસ્કાર એ એક સંપૂર્ણ શારીરિક વ્યાયામ છે, જે શરીરને ઉર્જા પ્રદાન કરે છે અને માનસિક સ્પષ્ટતા વધારે છે. સૂર્યનમસ્કાર કરવાથી શરીરની જડતા દૂર થાય છે, રક્ત પરિભ્રમણ સુધરે છે, અને આખો દિવસ ઉર્જાનો સ્રોત જળવાઈ રહે છે. ખાસ કરીને જે અધિકારીઓ લાંબા સમય સુધી બેસીને કામ કરે છે, તેમના માટે આ શરીર અને મન વચ્ચેનું સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે. જ્યારે મન શાંત અને શરીર ઉર્જાસભર હોય છે, ત્યારે તેમની કાર્યક્ષમતામાં ઓછામાં ઓછા પંદરથી વીસ ટકાનો વધારો થઈ શકે છે, કારણ કે તેઓ ઓછા સમયમાં વધુ ગુણવત્તાયુક્ત કામ કરી શકે છે. આ ઉપરાંત, આધુનિક કોર્પોરેટ વાતાવરણમાં ઑફિસ યોગનો ખ્યાલ પણ ખૂબ પ્રચલિત થઈ રહ્યો છે.

ઑફિસ યોગ એટલે એવા સરળ યોગાસનો અને ખેંચાણ (સ્ટ્રેચિંગ) કસરતો, જે કર્મચારીઓ તેમના ડેસ્ક પર અથવા ઑફિસના પરિસરમાં સરળતાથી કરી શકે છે. આમાં ગરદન, ખભા અને પીઠ માટેના હળવા આસનોનો સમાવેશ થાય છે, જે લાંબા સમય સુધી બેસી રહેવાથી થતા શારીરિક તણાવને દૂર કરે છે. ઑફિસ યોગનો હેતુ કામના સમય દરમિયાન થાક અને આંખોના તાણને ઘટાડવાનો છે, જે કમ્પ્યુટર પર સતત કામ કરવાથી થાય છે. આ યોગાસનો કરવાથી કર્મચારીઓ માત્ર થોડી જ મિનિટોના વિરામમાં તાજગી અનુભવી શકે છે અને તેમનું ધ્યાન ફરીથી કામ પર કેન્દ્રિત કરી શકે છે. ઑફિસ યોગ એ સાબિત કરે છે કે સ્વસ્થ રહેવા માટે કલાકોની જરૂર નથી, પરંતુ નિયમિત ટૂંકા વિરામ અને હળવી કસરતો પૂરતી છે. આ અભિગમ અપનાવવાથી કોર્પોરેટ સંસ્થાઓમાં કર્મચારીઓની સક્રિયતા અને સકારાત્મકતા વધે છે, જે આખરે સંસ્થાના એકંદર પ્રદર્શનમાં સુધારો લાવે છે. કોર્પોરેટ જીવનમાં શાંતિ, તણાવમુક્તિ અને સર્વોત્તમ પ્રદર્શન હાંસલ કરવા માટેનો મુખ્ય મંત્ર એ છે કે આપણે બહારની પરિસ્થિતિઓ કે અન્ય લોકોને બદલવાના નિરર્થક પ્રયત્નો છોડીને, પોતાના આંતરિક પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણી વિચારસરણી, અભિગમ અને ઊર્જાને નિયંત્રણમાં રહેલી બાબતો પર કેન્દ્રિત કરવાથી વ્યક્તિની અસરકારકતા વધે છે. આંતરિક શાંતિ અને કાર્યક્ષમતાને વધુ મજબૂત કરવા માટે, કોર્પોરેટ અધિકારીઓ અને કર્મચારીઓએ ધ્યાન, સૂર્યનમસ્કાર અને ઑફિસ યોગ જેવી શારીરિક અને માનસિક સ્વસ્થતાની પદ્ધતિઓને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવી જોઈએ. આ મંત્રને અપનાવવાથી, કોઈપણ વ્યક્તિ પોતાને વધુ શાંતિપૂર્ણ, તણાવમુક્ત અને સંસ્થા માટે સૌથી વધુ અસરકારક બની શકે છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી યોગમય રાષ્ટ્ર બનાવવા કટીબધ્ધ છે. અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને તેના અધ્યક્ષ શિશપાલજી પણ ખૂબ જ કાર્યક્ષમ રીતે આ કાર્ય નિભાવી રહ્યા છે ત્યારે દરેક કોર્પોરેટ કંપનીઓ પણ યોગમય જીવન અપનાવે તો તેના સકારાત્મક પરિણામો અદ્‌ભુત હશે. ચાલો આપણે યોગને અપનાવી ઊગતા સૂરજ સમીપે યોગ કરીએ.

**વિકાસના સપના સાકાર કરવા માટે કોર્પોરેટ જગતના માલિકો, અધિકારીઓ અને કર્મચારીઓ તનાવ મુક્ત હોય તે જરૂરી છે. આ માટે સર્વોત્તમ રસ્તો "ઓફિસ યોગ" છે.**

## શબ્દ સંજોગ-૨૧૧૪



**આડી ચાવી :**
(૧) સ્વર્ગનું એક કાલ્પનિક ઝાડ (૪)
(૪) વૃંદાવનમાં આવેલો એક પર્વત (૪)
(૭) એક અભિનેત્રી:...... કુલકર્ણી (૩)
(૯) જીવ, જીવનશક્તિ (૨)
(૧૦) વેલ (૨)
(૧૧) મદ, અભિમાન (૨)
(૧૨) ....નો અનર્થ ન કરો (૨)
(૧૩) 'હુ'નું બહુવચન (૨)
(૧૪) શરત (૨)
(૧૫) ઠાઠડી, નનામી (૩)
(૧૭) છોકરી હિંદીમાં (૩)
(૨૦) લક્ષ્મી (૨)
(૨૨) વહાણના કૂવાથંભની ટોચ (૨)
(૨૩) મોની બે બાજુનો ભાગ (૨)
(૨૫) ફરિયાદ, દાદ (૨)
(૨૭) પાતળો છેડો, અણી (૩)
(૨૮) ઉંચો ટાવર (૩)
(૩૦) મૂર્ખ, બેવકૂફ (૩)
(૩૧) જમવુ તે (૩)
(૩૨) રોમનું વતની (૩)

**ઉભી ચાવી :**
(૧) પીડા, આપદા (૨)
(૨) ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
(૩) ઓરડો, ખંડ (૨)
(૫) સૂર્ય, આદિત્ય (૨)
(૬) જોવું તે, દ્રષ્ટિ (૩)
(૮) ટાપટીપ, ઉપર-ઉપરનો ભપકો (૪)
(૯) અરજ, વિનંતી (૩)
(૧૧) નિકાલ, ફેંસલો (૨)
(૧૨) વિષ્ણુથી કયારેય અલગ ન થનારી લક્ષ્મી (૬)
(૧૪) એક રમત (૨)
(૧૬) અમીર, પૈસાદાર (૨)
(૧૮) ડગલું, પગલું (૨)
(૧૯) ઝૂંટવી લેવું (૩)
(૨૧) કિલ્લાની દીવાલમાં રખાતા બાકાં (૨)
(૨૨) આંબાની ફૂલમંજરી (૨)
(૨૪) કમળની દાંડી (અ)(૩)
(૨૬) પાણીનો પ્રવાહ (૩)
(૨૭) મોટી ટેકરી (૩)
(૨૯) દરરોજ, કાયમ (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૩ જવાબ

**આડી ચાવી:** (૧) ત્રિલોચન (૪) કાસવાસ (૭) પચક (૮) અનહદ (૯) મદીના (૧૨) હકદાર (૧૩) શીતલ (૧૫) રાજી (૧૬) લલના (૧૮) ભેટો (૧૯) વદ (૨૧) રહેમત (૨૩) દરોગો (૨૫) રહેમત (૨૬) દાવત (૨૮) ણરસ(સરણ) (૨૯) જામનગર.
**ઉભી ચાવી:** (૧) ત્રિપદા (૨) લોચ (૩) ચકમક (૪) કાન (૫) સહનશીલ (૬) વાદ (૮) અનાર (૧૦) દીદાર (૧૧) ઢીલ (૧૨) હજી (૧૪) તનાવ (૧૫) રાજકારણ (૧૬) લટોરો (૧૭) ઠસમસ (૧૮) ભેદ (૨૦) દફતર (૨૨) નહેર (૨૪) ગોદાન (૨૯) વગ.

# સૌરાષ્ટ્ર માર્કેટીંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૪૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૯ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૯૫૦ |
| બાજરી | ૩૫૦ | ૪૩૬ |
| તુવેર | ૯૫૦ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૧૮૯૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૫૫૧ | ૧૦૪૦ |
| ચોળી | ૮૯૦ | ૧૩૪૪ |
| મઠ | ૮૮૦ | ૧૫૪૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૯૦૦ |
| કળથી | ૪૫૦ | ૫૪૦ |
| રાજમા | ૭૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૩૯૦ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૩૬૫ |
| તલી | ૧૮૦૦ | ૨૨૫૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૮૩૦ | ૮૭૫ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૫૧૦ |
| કાળા તલ | ૩૬૫૦ | ૫૨૦૦ |
| લસણ | ૬૬૦ | ૯૮૦ |
| ધાણા | ૧૪૩૦ | ૧૮૫૦ |
| મરચા સુકા | ૧૩૦૦ | ૩૩૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૪૦ |
| વરીયાળી | ૯૧૧ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૬૦ |
| રાય | ૧૪૦૧ | ૧૯૫૦ |
| મેથી | ૯૧૧ | ૧૩૫૧ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૫૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૨૦ |
| રજકાનુ બી | ૧૦૨૦૦ | ૧૦૨૦૦ |
| ગુવારનુ બી | ૮૫૦ | ૯૭૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૪૭ | ૫૦૨ |
| પપૈયા | ૭૫ | ૧૦૫ |
| બટેટા | ૧૭૯ | ૩૯૨ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૦૧ |
| ટમેટા | ૪૫૧ | ૬૩૭ |
| સુરણ | ૬૦૨ | ૭૪૯ |
| કોથમરી | ૧૬૯ | ૨૬૨ |
| મુળા | ૨૪૮ | ૩૫૨ |
| રીંગણા | ૬૫૯ | ૧૧૮૦ |
| કોબીજ | ૧૪૪ | ૨૫૮ |
| ફ્લાવર | ૪૦૭ | ૫૩૨ |
| ભીંડો | ૮૧૨ | ૧૨૨૭ |
| ગુવાર | ૧૨૦૬ | ૧૯૮૨ |
| ચોળાસીંગ | ૫૮૮ | ૮૧૭ |
| વાલોળ | ૮૦૧ | ૧૨૦૫ |
| ટીંડોરા | ૪૧૧ | ૭૭૯ |
| દુધી | ૧૮૬ | ૩૧૨ |
| કારેલા | ૫૦૭ | ૮૧૭ |
| સરગવો | ૧૬૨૨ | ૨૩૫૨ |
| તુરીયા | ૮૭૧ | ૧૪૦૧ |
| પરવર | ૮૮૨ | ૧૧૩૪ |
| કાકડી | ૪૭૩ | ૮૩૫ |
| ગાજર | ૩૩૭ | ૪૮૭ |
| વટાણા | ૧૦૨૧ | ૧૩૮૦ |
| તુવેરસીંગ | ૪૩૭ | ૭૨૪ |
| ગલકા | ૩૨૩ | ૫૯૬ |
| બીટ | ૨૦૨ | ૩૭૭ |
| મેથી | ૫૮૧ | ૭૩૯ |
| વાલ | ૯૭૧ | ૧૨૮૯ |
| ડુંગળી લીલી | ૨૭૨ | ૪૦૨ |
| આદુ | ૯૭૨ | ૧૨૧૨ |
| ચણા લીલા | ૯૨ | ૪૬૯ |
| મરચા લીલા | ૪૧૩ | ૯૨૬ |
| હળદર લીલી | ૪૩૬ | ૬૦૨ |
| લસણ લીલુ | ૬૨૭ | ૧૩૮૦ |
| મકાઇ લીલી | ૨૨૨ | ૩૭૧ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૧ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૪ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૩૦૧ |
| સિંગ ફાડીયા | ૭૨૬ | ૧૪૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૩૪૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૦૪૧ |
| કલંજી | ૨૮૦૧ | ૪૪૦૦ |
| વરીયાળી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૯૩૬ |
| લસણ સુકુ | ૪૦૧ | ૯૫૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૫૦૧ |
| અડદ | ૮૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૯૧૧ | ૧૨૮૧ |
| મેથી | ૭૨૬ | ૧૦૭૧ |
| કાંગ | ૪૦૦ | ૫૭૧ |
| મરચા | ૬૫૧ | ૩૬૦૧ |
| મગફળી જાડી | ૮૦૧ | ૧૩૨૧ |
| સફેદ ચણા | ૯૫૧ | ૧૮૮૧ |
| મગફળી ૬૬ | ૧૦૦૦ | ૧૪૩૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૧૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૯૭૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૩૦૧ |
| બાજરો | ૩૫૧ | ૪૨૧ |
| મકાઇ | ૨૨૧ | ૪૭૧ |
| મગ | ૧૧૦૧ | ૧૬૧૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૮૬ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૧૧૭૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૨૬ |
| કળથી | ૬૨૬ | ૬૨૬ |
| ગોગળી | ૭૦૦ | ૯૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૪૦ | ૭૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૬ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મળા પુરા | ૪ | ૧૦ |
| ફ્રીદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૨ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૫૫ | ૧૨૫૫ |
| શીંગ ગીરનારી | ૯૭૫ | ૧૩૭૨ |
| શીંગ મોટી | ૭૯૫ | ૧૩૫૨ |
| શિંગ દાણા | ૧૦૧૫ | ૧૩૦૩ |
| તલ સફેદ | ૧૦૨૫ | ૨૨૦૩ |
| તલ કાળા | ૩૩૦૦ | ૫૫૯૫ |
| તલ કશ્મીરી | ૨૧૯૦ | ૨૪૩૮ |
| જુવાર | ૪૪૦ | ૯૬૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૩ |
| અડદ | ૧૦૨૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૨૫ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૮૮૦ | ૧૦૨૧ |
| છોલે ચણા | ૧૪૦૦ | ૧૬૧૦ |
| ચોળી | ૫૮૦ | ૯૮૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૨૩૫ |
| કપાસ | ૯૪૦ | ૧૫૯૮ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૧૯૫૦ | ૩૮૪૫ |
| ઈસબગુલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૭૪૫ | ૧૦૩૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૬૧ |
| રજકાનું બી | ૭૭૭૫ | ૮૧૭૫ |
| મરચા લાંબા | ૮૫૦ | ૩૪૦૦ |
| કાંગ | ૫૨૪ | ૫૨૪ |

**અમરેલી શાકભાજી**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૨૦ | ૬૨૦ |
| દુધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૩૦ | ૮૩૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણાં | ૯૦૦ | ૧૧૦૦ |
| ચોળા લીલા | ૪૨૦ | ૭૨૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૧૦ | ૬૧૦ |
| ભીંડો | ૮૧૦ | ૧૦૧૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૧૬૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૬૩૦ | ૭૩૦ |
| ફોદીનો | ૭૨૦ | ૮૨૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| સરગવો | ૧૦૨૦ | ૧૨૨૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૯૦૦ |
| મરચાં લાલ | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૯૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૪૧૦ | ૧૦૧૦ |
| પાલક | ૬૧૦ | ૭૧૦ |
| લીંબુ | ૨૩૦ | ૩૩૦ |
| મકાઈ | ૩૫૦ | ૪૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૦૨ |
| શીંગ મોટી | ૧૦૨૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૨૩૦ |
| તલ કાળા | ૪૨૦૦ | ૫૦૦૧ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૦૦૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૭ |
| બાજરો | ૩૫૦ | ૫૮૭ |
| જુવાર | ૬૨૩ | ૯૦૯ |
| મગ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| અડદ | ૭૫૦ | ૧૨૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૧૨ |
| તુવેર | ૭૯૫ | - |
| એરંડી | ૧૨૦૬ | - |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૬૮૩ | ૮૪૪ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૯૫ | ૧૬૦૭ |
| કપાસ મીડીયમ | ૯૯૦ | ૧૨૯૦ |
| મગફળી | ૧૦૧૬ | ૧૩૫૪ |
| તલ સફેદ | ૧૬૭૦ | ૨૦૮૦ |
| તલ કાળા | ૩૯૮૦ | ૪૩૩૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૯૬૦ |
| ઘઉં | ૪૭૯ | ૫૩૧ |
| અડદ | ૯૨૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૪૫ | ૧૦૬૫ |
| સોયાબીન | ૮૧૦ | ૮૬૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૮૩૧ | ૧૧૪૧ |
| મગફળી | ૯૫૧ | ૧૧૯૦ |
| ઘઉ | ૫૧૧ | ૫૩૫ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૫૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૦૩૫ |
| ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| તલ | ૧૫૬૬ | ૨૨૦૦ |
| ચણા સફેદ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| શિંગદાણા | ૧૦૩૦ | ૧૨૪૫ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| મેથી | ૬૦૦ | ૮૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૮ |
| અડદ | ૮૦૦ | ૧૧૨૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૪ |
| ધાણા | ૧૬૪૦ | ૧૮૦૫ |
| મગ | ૧૩૦૦ | ૧૪૧૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૧૦૫ |
| સોયાબીન | ૬૨૫ | ૮૫૧ |
| લસણ | ૩૦૦ | ૫૮૦ |
| મગફળી | ૬૦૦ | ૧૨૨૦ |
| જુવાર | ૨૯૦ | ૩૦૦ |
| શિંગ દાણા | ૧૨૫૦ | ૧૧૬૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| રજકાનુ બી | ૪૯૦૦ | ૪૯૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૪૯ | ૧૫૦૦ |
| મગફળી | ૮૦૫ | ૮૦૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૫૧ | ૧૨૭૩ |
| શીંગ ૩૯ | ૮૫૫ | ૧૧૪૮ |
| શીંગ ગીરનાર | ૯૫૨ | ૧૩૦૨ |
| શીંગ જી -૨૦ | ૯૪૦ | ૧૩૩૪ |
| એરંડા | ૨૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૪૭૧ | ૭૬૧ |
| બાજરી | ૩૫૮ | ૬૨૧ |
| બાજરો | ૭૫૦ | ૨૩૦૧ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૨૫ |
| મકાઈ | ૩૫૧ | ૩૫૧ |
| અડદ | ૫૫૦ | ૧૩૬૨ |
| મગ દેશી | ૧૮૪૦ | ૪૫૦૦ |
| સોયાબીન | ૬૩૦ | ૯૧૦ |
| ચણા | ૯૪૫ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| તુવેર | ૧૧૪૧ | ૧૧૪૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૯ | ૩૫૪ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૭૫ |
| ડુંગળી સફેદ એક્સપોર્ટ | ૨૫૧ | ૯૫૮ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૫૨૨ |
| નાળીયેર | ૩૦૦ | ૨૦૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૧ | ૧૫૩૫ |
| કપાસ કોડી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મગફળી | ૯૯૯ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૩૫ | ૮૩૬ |
| ઘઉં | ૫૭૦ | ૫૭૦ |
| જીરૂ | ૩૫૫૧ | ૩૫૫૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૬૦૦ | ૧૩૧૬ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૨૦૦ |
| તલ કાળા | ૪૧૦૧ | ૪૧૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૩૯૫ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૮ |
| જુવાર | ૬૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૮૦૦ | ૧૭૧૧ |
| મઠ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| અડદ | ૬૦૨ | ૧૦૬૦ |
| ચણા | ૯૫૬ | ૯૫૬ |
| જીરૂ | ૪૦૫૩ | ૪૦૫૩ |
| ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| મેથી | ૯૬૧ | ૯૬૧ |
| સોયાબીન | ૬૪૬ | ૮૩૬ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| મગ | ૧૦૦૧ | ૧૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૩૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૫૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૨૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૭૬ |
| સફેદ તલ | ૧૫૦૧ | ૨૦૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૧૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૫ | ૧૩૬૭ |
| મગફળી ૩૨ | ૯૪૧ | ૧૨૫૪ |
| બાજરો હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૦ |
| ઘઉં | ૪૮૫ | ૫૫૯ |
| જુવાર | ૭૫૧ | ૯૪૦ |
| અડદ | ૬૫૦ | ૧૪૬૨ |
| ચણા | ૮૫૧ | ૧૧૪૬ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૨૧૨૦ |
| તલ કાળા | ૩૩૫૦ | ૪૭૫૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૮૨ |
| કાંગ | ૪૦૫ | ૫૦૩ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૦૦ | ૨૪૫ |
| બાજરો | ૨૭૫ | ૪૦૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૫ |
| મગ | ૧૩૦૫ | ૧૫૧૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૩૫૫ | ૧૧૮૦ |
| વાલ | ૮૬૫ | ૧૧૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૪૫૫ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૨૭૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૨૦ |
| મગફળી ૬૬નં. | ૧૦૫૦ | ૧૩૨૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| તલ | ૧૮૦૦ | ૨૨૪૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૯૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૭૪૦ |
| લસણ | ૫૭૫ | ૧૧૩૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૪૫ |
| અજમો | ૧૨૮૫ | ૨૯૬૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૧૮૯૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| મરચા | ૬૦૦ | ૩૯૬૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૩૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૫ |
| વટાણા | ૯૦૦ | ૧૧૨૫ |
| રાજમા | ૨૮૦ | ૭૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કોડીનારના મિતિયાજ સરપંચની મુખ્યમંત્રીને રજૂઆતઃ આંતરજ્ઞાતિય લગ્નમાં વાલીની સહમતી ફરજિયાત કરવા માંગ

કોડીનાર, તા.૦૮



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મિતિયાજ ગામે સામાજિક સુમેળ જાળવવા અને પારિવારિક મૂલ્યોને મજબૂત કરવાના ઉદ્દેશથી ગામના સરપંચ અને યુવા સામાજિક કાર્યકરો દ્વારા રાજ્ય સરકાર સમક્ષ એક મહત્વપૂર્ણ અને અનોખી કાયદાકીય જોગવાઈની માંગણી કરવામાં આવી છે. મિતિયાજ ગામના સરપંચ સુરપાલસિંહ બારડ, સામાજિક કાર્યકર લલિત વાળા, શનિભાઈ બારડ, મનુભાઈ પરમાર અને માનસિંહભાઈ મોરી સહિતના આગેવાનોએ કોડીનાર મામલતદાર કચેરી મારફતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કાયદા મંત્રી હર્ષભાઈ સંઘવીને લેખિત રજૂઆત કરી છે. આ રજૂઆતનો મુખ્ય મુદ્દો એ છે કે, યુવક-યુવતીઓ આંતરજ્ઞાતિય લગ્ન કરે તો તેમના મેરેજ સર્ટિફિકેટમાં માતા-પિતાની ફરજિયાત સહમતી અને સહીનો સમાવેશ થવો જોઈએ. હાલમાં માતા-પિતાની મંજૂરી વિના થતા આંતરજ્ઞાતિય લગ્નોને કારણે માતા-પિતાને સમાજમાં તિરસ્કાર, ટીકા અને સામાજિક દબાણનો સામનો કરવો પડે છે, જેનાથી તેમની સામાજિક પ્રતિષ્ઠા જોખમાય છે.

# રાજુલા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

રાજુલા, તા.૦૮



તસવીર : ગોપાલ રાડોડ

રાજુલા શહેરના ડુંગર રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતિ પર્વ નિમિત્તે રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન રાજુલા બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા તેમજ નવકાર બ્લડ બેન્ક મહુ વાના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ સવારના ૯:૦૦ કલાકથી બપોરના ૧:૩૦ કલાક સુધી ચાલ્યો હતો. આ દરમિયાન રક્તદાતાઓ દ્વારા ઉત્સાહપૂર્વક રક્તદાન કરવામાં આવતા કુલ ૮૭ બોટલ લોહી એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતો, અગ્રણીઓ, કાર્યકરો તેમજ રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો, વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો અને આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અજયભાઈ વાળા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગીપુરુષ સ્વામી તથા નારાયણસેવક સ્વામી અને કાર્યકરો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# દામનગરમાં હોમગાર્ડના સ્થાપના દિવસની ઉજવણી

દામદનગર, તા.૦૮




દામનગર શહેરમાં હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી નાયબ મામલતદાર કલાણીની અધ્યક્ષતામાં થઈ હતી. શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર ધ્યાનાકર્ષક પરેડ સાથે હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે દામનગર નગરપાલિકા પ્રમુખ ગોબરભાઈ નારોલા, એડવોકેટ ઈતેશભાઈ મહેતા, શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ સહિત અનેક સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે છઠ્ઠી ડિસેમ્બરે હોમગાર્ડની સ્થાપના કરનાર સ્વ. મોરારજીભાઈ દેસાઈની દુરંદેશીને યાદ કરવામાં આવી હતી. દામનગરના પોલીસ જવાનો, મહિલા પોલીસકર્મીઓએ આ ઉજવણીમાં હાજરી આપી માનદ સેવકોની સેવાની સરાહના કરી ઉત્સાહ વધાર્યો હતો. શક્તિપીઠ ગાયત્રી મંદિર પરિસરમાં અનેક મહાનુભવો દ્વારા શ્રેષ્ટ કામગીરી બદલ હોમગાર્ડ જવાનોને શાલ-શિલ્ડ અને સન્માનપત્ર અર્પી સન્માનિત કરાયા હતા.

# ઉના-ગીરગઢડા રોડ પર બોલેરો ઝાડ સાથે અથડાતા ચાલક ગંભીર

ઉના,તા.૦૮

ઉના-ગીરગઢડા રોડ પર સરવાવના પાટિયા નજીક ગત રાત્રે એક બોલેરો ગાડી ઝાડ સાથે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બોલેરો ચાલક રમેશભાઈ (રહે. રામપરા)ને ઈજા થઈ હતી, જ્યારે તેમની સાથે સવાર ભાવેશભાઈ (રહે. સરવાવ)ને સામાન્ય ઈજા પહોંચી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, રામપરાથી પૂરપાટ ઝડપે આવી રહેલી બોલેરો ગાડી અચાનક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાવહ હતો કે ચાલક રમેશભાઈ સ્ટીયરિંગ પર ઢળી પડ્યા હતા અને ગાડીના દરવાજા ખુલી શક્યા ન હતા. તેઓ ગાડીમાં ફસાઈ ગયા હતા. ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોએ તાત્કાલિક દરવાજો તોડીને રમેશભાઈને બહાર કાઢ્યા હતા. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# તાલાલા પંથકમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવતા ફફડાટ

તલાલા, તા.૦૮



તાલાલા પંથકમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી આશરે ૧૨ કિલોમીટર ઉત્તર-પૂર્વ દિશામાં હરીપુર ગામ નજીકના જંગલ વિસ્તારમાં નોંધાયું હતું. પ્રાથમિક માહિતી મુજબ ભૂકંપ જમીનની સપાટીથી માત્ર ૪.૧ કિલોમીટરની ઓછી ઊંડાઈએ ઉદ્ભવ્યો હતો, જેના કારણે તેની અસર આસપાસના વિસ્તારોમાં સ્પષ્ટ રીતે અનુભવાઈ. કેટલાક સ્થળોએ લોકોએ ધડામ જેવા અવાજ સાથે ધરતી ધ્રુજતી અનુભવવાની માહિતી આપી છે. તાલાલા મામલતદાર કચેરીએ ઘટનાની જાણ જિલ્લા વહીવટીતંત્રને કરી દીધી છે. સદભાગ્યે ભૂકંપની અસર માત્ર ત્રણ સેકન્ડ જેટલી જ રહી હોવાથી કોઈ જાનહાનિ કે માલમત્તાનું નુકસાન નોંધાયું નથી.

# સા.કુંડલામાં તાલુકા કક્ષાનો વિજ્ઞાનમેળો અને કલા ઉત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૦૮



સાવરકુંડલા શહેરની કન્યાશાળા નં. ૨ના આચાર્યા ભારતીબેન રાઠોડ, તમામ શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સહકારથી તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રદર્શનમાં કુલ ૫૩ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શિક્ષકો દ્વારા બાળકોને આ માટે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવેલ. વિજ્ઞાન પ્રદર્શનનું ઉદ્ઘાટન મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે થયેલ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ડેલિગેટ ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ. બી. ગોહિલ, જિલ્લા પ્રાથમિક અધિકારી જી.એમ. સોલંકી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધ સિંહ રાઠોડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાંથી રાજેશભાઈ મહેતા, લાયઝન અધિકારી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટીપીઈઓ જે.કે. સરવૈયા, બીઆરસી કોર્ડીનેટર તુષારભાઈ જાની, તમામ સી.આર.સી કોર્ડીનેટર, આઈઈડી કોર્ડીનેટર, બીઆરસી સ્ટાફ, ટીપીઓ ઓફિસ સ્ટાફ, પ્રાથમિક શિક્ષક સંઘ, પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. શરાફી મંડળી દ્વારા બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવેલ.

# ગીરગઢડાના ખિલાવડ-ગુંદાળા રોડ પર માટી ભરેલું ટ્રેક્ટર પલટી જતાં ચાલકનું કરૂણ મોત

ગીરગઢડા, તા.૦૮



ગીરગઢડા તાલુકાના ખિલાવડ–ગુંદાળા રોડ પર માટી ભરેલું ટ્રેક્ટર પલટી જતાં ચાલકનું ઘટનાસ્થળે જ દુઃખદ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે ટ્રેક્ટર રસ્તા પરથી ઉતરી ગયું અને પલટી મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ચાલકને બચાવવાનો કોઈ અવકાશ રહ્યો નહોતો અને તેનું તાત્કાલિક મોત થયું હતું. આ ટ્રેક્ટર ખિલાવડ ગામના એક વ્યક્તિની માલિકીનું હોવાનું સામે આવ્યું છે. જોકે, આ ગંભીર અકસ્માત છતાં હાલ સુધી કોઈ કાયદેસર કાર્યવાહી શરૂ ન થતાં સ્થાનિક સ્તરે આ ઘટના ચર્ચાનો વિષય બની છે. ટ્રેક્ટરમાં ભરેલી માટી ક્યાંથી લાવવામાં આવી હતી અને ક્યાં લઈ જવામાં આવી રહી હતી તે અંગે પણ અનેક સવાલ ઊભા થયા છે. આ કામગીરી માટે જરૂરી પરવાનગીઓ હતી કે કેમ તે પણ તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે. સ્થાનિક તંત્ર આ મામલે આગળ શું પગલાં ભરે છે અને તપાસ કઈ દિશામાં આગળ વધે છે તે વિશે પંથકમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૭/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. નનુભાઈ ગોબરભાઈ દેવાણી
રહે.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી નનુભાઈ ગોબરભાઈ દેવાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ના રોજ મુ.બાઢડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# ઉનાના તડ ગામમાંથી SOGએ બોગસ તબીબ ઝડપી પાડ્યો

ઉના, તા.૦૮



ઉનાના તડ ગામમાંથી SOGએ એક બોગસ તબીબને ઝડપી પાડ્યો છે. ઈકબાલ સુલેમાન સોરઠિયા નામનો શખ્સ કોઈપણ માન્ય ડિગ્રી કે સર્ટિફિકેટ વગર એલોપેથીક દવાઓ આપીને ગેરકાયદેસર પ્રેક્ટિસ કરતો હતો. જિલ્લા SOGને તડ ગામમાં ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ થતી હોવાની બાતમી મળતા પોલીસ તથા મેડિકલ ઓફિસર ડૉ. મિતેશ બારડની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ઈકબાલ સુલેમાન સોરઠિયા, જે ઉનાના કોર્ટ વિસ્તારમાં રહે છે, તે તડ ગામમાં મેડિકલ સાધનો સાથે બોગસ દવાખાનું ચલાવતો હતો અને લોકોને એલોપેથીક દવાઓ તથા સારવાર આપીને તેમના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો.

# પોરબંદર લોકસભા વિસ્તારના ખેલાડીઓ માટે સાંસદ ખેલ મહાકુંભનો પ્રારંભ થશે

**રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ખાસ ઉપસ્થિત રહેશે**

પોરબંદર,તા.૦૮



પોરબંદર લોકસભા વિસ્તારના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાના નેતૃત્વ હેઠળ સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહોત્સવનો ઉદ્ઘાટન સમારંભ તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ યોજાશે, જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ખાસ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે. ખેલ મહોત્સવ તા. ૧૪-૧૨-૨૦૨૫ થી ૨૫-૧૨-૨૦૨૫ દરમિયાન યોજાશે, જેમાં જુદી જુદી ૮ પ્રાદેશિક કક્ષાની લોકપ્રિય રમત સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. સ્પર્ધાઓ પ્રથમ ૧૪ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન તાલુકા કક્ષાએ અને ૧૮ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન વિધાનસભા કક્ષાએ યોજાશે. વિજેતા ખેલાડીઓ અને ટીમો ૨૦ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન યોજાનાર સાંસદ ફિનાલેમાં ભાગ લેશે. આ મહોત્સવમાં ત્રણ વયજૂથ (૮ થી ૧૭, ૧૭ થી ૪૦, અને ૪૦ થી ૧૦૦ વર્ષ) ના ખેલાડીઓ ભાગ લેશે. અત્યાર સુધીમાં ૩૫,૦૦૦થી વધુ ખેલાડીઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે. જે ખેલાડીઓ ઓનલાઈન નોંધણી કરાવી શક્યા નથી તેઓ પણ સ્પર્ધા સ્થળે નોંધણી કરાવી ભાગ લઈ શકશે. આ મહોત્સવ યુવા ખેલાડીઓને પ્લેટફોર્મ પૂરું પાડશે.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૫/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જાગૃતીબેન જીવરાજભાઈ બાળધા વાઈફ ઓફ રવિન્દ્રકુમાર ઢાંકેચા
રહે.૧૦, રણછોડનગર રો હાઉસ, સ્વામીનારાયણ મંદિરની સામે, વરાછા રોડ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી જાગૃતીબેન જીવરાજભાઈ બાળધાનો જન્મ તા.૧૬/૦૫/૧૯૮૨ના રોજ મુ.પીયાવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૦/૨૦૨૫ તા.૦૨/૧૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કમળાબેન દેવશીભાઈ બોરડ
રહે.સી ૨૦૪, સંજીવની હાઈટસ, સ્વસ્તીક ટાવર પાછળ, સરથાણા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી રામગઢ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની દોહીત્રી યેશા હરેશભાઈ નસીતનો જન્મ તા.૨૬/૧૧/૨૦૦૦ ના રોજ મુ.રામગઢ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- સાવલીયા પ્રવિણભાઈ દેવરાજભાઈ,
રે.મોલડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી મોલડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદી હવીરાબેન માધાભાઈ સાવલીયાનું મરણ તા.૧૨/૦૧/૧૯૯૬ ના રોજ મુ.મોલડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૬/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. રવિન્દ્રકુમાર જીણાભાઈ ઢાંકેચા
રહે.૧૦, રણછોડનગર રો હાઉસ, સ્વામીનારાયણ મંદિરની સામે, વરાછા રોડ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી જાંબુડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રવિન્દ્રકુમાર જીણાભાઈ ઢાંકેચાનો જન્મ તા.૨૦/૦૯/૧૯૮૧ના રોજ મુ.જાંબુડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## દેશમાં ગજવા-એ-હિન્દ નહી પરંતુ ભગવા-એ-હિન્દ જોઈએ છે : ધીરેન્દ્ર શાસ્ત્રી

# કોલકાતામાં પાંચ લાખથી વધુ સનાતનીઓએ ભેગા થઈ ગીતાના પાઠ કર્યા

(એચ.એસ.એલ),કોલકતા,તા.૮

૬ ડિસેમ્બરે, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ ચર્ચાનો વિષય બન્યો હતા. બીજા દિવસે, ૭ ડિસેમ્બરે, કોલકાતામાં પાંચ લાખથી વધુ સનાતનીઓ ગીતા પાઠ માટે ભેગા થયા હતા, જેનાથી વાતાવરણ ભગવા રંગનું થઈ ગયું હતું. કોલકાતાના પરેડ ગ્રાઉન્ડ પર ભેગા થયેલા હિન્દુઓએ સનાતન ધર્મની શક્તિનું પ્રદર્શન કર્યું હતું, ત્યારે આ કાર્યક્રમમાં હાજર રહેલા બાગેશ્વર ધામ સરકારે ફરી એકવાર ભગવા-એ-હિંદ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કોલકાતામાં ગીતા પ્રચાર સમિતિના સમૂહ ગીતા પાઠ માટે દેશભરના સંતો અને મહાત્માઓ એકઠા થયા હતા, અને મોટી સંખ્યામાં હિન્દુઓએ પણ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. ભાજપનો દાવો છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ ગીતા પાઠ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા. જ્યારે સનાતન ધર્મ બંગાળમાં એક મજબૂત શક્તિ છે, ત્યારે બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનાર મમતા બેનર્જીની પાર્ટીના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય



હુમાયુ કબીર, હવે ખુલ્લેઆમ મમતા બેનર્જીનો સામનો કરી રહ્યા છે. ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનારા હુમાયુ કબીરે જાહેરાત કરી હતી કે તેઓ ૨૨ ડિસેમ્બરે એક નવી પાર્ટીની જાહેરાત કરશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેઓ આગામી વિધાનસભા ચૂંટણી અસદુદ્દીન ઓવૈસીના એઆઈએમઆઈએમ સાથે ગઠબંધનમાં લડશે. મુર્શિદાબાદમાં નવી બાબરી મસ્જિદનું બાંધકામ હજુ શરૂ પણ થયું નથી, પરંતુ બંગાળ અને ઉત્તર પ્રદેશના લોકો હુમાયુના સમર્થનમાં મુર્શિદાબાદ આવી રહ્યા છે. ઈંટો લાવવામાં આવી રહી છે અને QR કોડ દ્વારા દાન આપવામાં આવી રહ્યું છે. મુર્શિદાબાદમાં નવી બાબરી મસ્જિદ માટે દસ લાખ ઈંટો એકઠી કરવામાં આવી છે. લગભગ ૩ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા છે. બાબરી મસ્જિદને લઈને મુસ્લિમોના સમર્થનથી સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય ખુશ છે.

મુર્શિદાબાદમાં, રામ મંદિરનો શિલાન્યાસ સમારોહ બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહના દિવસે જ યોજાયો હતો. મુર્શિદાબાદમાં, ભાજપના નેતા સખારોવ સરકારે અયોધ્યામાં રામ લલ્લા મંદિરની જેમ નવા મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ સમારોહ કર્યો હતો.

## બિહાર પોલીસે હજારો ગેલન દારૂ પીને લોકોને સજા વગર છોડી દીધા : જીતન રામ માંઝી

(એચ.એસ.એલ),પટણા,તા.૮

ગયામાં એક કાર્યક્રમમાં ભાષણ દરમિયાન, કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ સમજાવ્યું કે કયો દારૂ પીવાથી ફાયદો થાય છે. પ્રતિબંધનો વિરોધ કરતા, તેમણે કહ્યું કે તેમણે ત્રીજી વખત મુખ્યમંત્રી નીતિશ કુમારને સમીક્ષા માટે પ્રસ્તાવ મોકલ્યો છે. માંઝીએ કહ્યું કે તેમના પિતા શેરડી અને મહુઆમાંથી દારૂ બનાવતા હતા. તે દારૂ પીવો ફાયદાકારક છે. પોલીસની કાર્યપદ્ધતિ પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે પોલીસે હજારો ગેલન દારૂ પીને લોકોને સજા વગર છોડી દીધા, જ્યારે તેઓએ અમારા માણસોને સળગાવીને જેલમાં મોકલી દીધા. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે નીતિશ કુમારે ૨૦ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી, જેના કારણે તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થયું છે તે સૌભાગ્યની વાત છે. ૧૯૮૦માં જ્યારે અમે મુખ્યમંત્રી હતા, ત્યારે કોઈ શાળાની ઈમારત નહોતી.

## ગોવા નાઈટ ક્લબના ચાર આરોપીને કોર્ટમાં રજૂ કરાયા બાદ પોલીસ કસ્ટડીમાં મોકલાયા

પણજી,તા.૮

ગોવા સરકારે રોમિયો લેન ક્લબ ચેઈન સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. તેના એક આઉટલેટમાં લાગેલી આગમાં ૨૫ લોકોના મોત થયા છે. હોસ્પિટાલિટી કંપનીની બે અન્ય મિલકતો પણ સીલ કરવામાં આવી છે. અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, મિલકત પ્રમોટરો સૌરભ લુથરા અને ગૌરવ લુથરા, જેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, તેમને શોધવા માટે રવિવારે એક ટીમ દિલ્હી રવાના થઈ હતી. ઉત્તર ગોવાના અરપોરામાં 'બિર્ચ બાય રોમિયો લેન' નાઈટ ક્લબમાં શનિવારે મોડી રાત્રે આગ લાગી હતી, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના ક્લબ કર્મચારીઓ હતા. અંજુના



પોલીસે ક્લબના ચીફ જનરલ મેનેજર રાજીવ મોડક (૪૯, રહેવાસી આર.કે. પુરમ, નવી દિલ્હી), જનરલ મેનેજર વિવેક સિંહ (૨૭, રહેવાસી જૌનપુર, ઉત્તર પ્રદેશ), બાર મેનેજર રાજીવ સિંઘાનિયા (૩૨, રહેવાસી ગોરખપુર, ઉત્તર પ્રદેશ) અને ગેટ મેનેજર પ્રિયાંશુ ઠાકુર (૩૨, રહેવાસી માલવિયા નગર, નવી દિલ્હી) ની ધરપકડ કરી હતી. ચારેયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને છ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

## હૈદરાબાદમાં એક રોડનું નામ 'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ' રાખવાનો તેલંગાણા સરકારનો પ્રસ્તાવ

હૈદરાબાદ,તા.૮

તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ હૈદરાબાદમાં એક રોડનું નામ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નામ પર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેલંગાણાના મુખ્યમંત્રીનો આ નિર્ણય તેલંગાણા રાઈઝિંગ ગ્લોબલ સમિટ દરમિયાન આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચવાનો પ્રયાસ હોય તેવું લાગે છે. જો કે, સીએમ રેવંત રેડ્ડી તેમના વિરોધીઓના હુમલાનો ભોગ બન્યા છે. તેલંગાણા ભાજપે મુખ્યમંત્રીના પ્રસ્તાવની ટીકા કરી છે. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પ્રસ્તાવ મૂક્યો છે કે હૈદરાબાદમાં યુએસ કોન્સ્યુલેટ જનરલ તરફ જતા રસ્તાનું નામ 'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ' રાખવામાં આવે. જો આવું થાય, તો દુનિયામાં પહેલીવાર કોઈ પણ દેશમાં આ રીતે કોઈ વર્તમાન યુએસ રાષ્ટ્રપતિનું સન્માન કરવામાં આવશે. નોંધનીય છે કે હૈદરાબાદમાં ગુગલ સ્ટ્રીટ જેવી રાજકારણીઓ અને વૈશ્વિક કંપનીઓના નામ પર રસ્તાઓનું નામ આપવાની પરંપરા છે, જે હૈદરાબાદમાં ગુગલની મજબૂત હાજરી દર્શાવે છે.

## અમેરિકામાં ઉદ્ભવતા વાયુ પ્રદૂષણના કારણે દર વર્ષે ભારત અને ચીનમાં હજારો લોકોના મોત

નવીદિલ્હી,તા.૮

વૈશ્વિક પર્યાવરણીય ન્યાય પર આધારિત તાજેતરના અભ્યાસમાં ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે એક દેશનું પ્રદૂષણ બીજા દેશની વસ્તી માટે ઘાતક બન્યું છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉદ્ભવતું વાયુ પ્રદૂષણ ભારતમાં દર વર્ષે આશરે ૧૨,૦૦૦ અને ચીનમાં ૩૮,૦૦૦ લોકોના મૃત્યુનું કારણ બને છે. તેવી જ રીતે, યુરોપિયન યુનિયનના ૨૭ દેશોના ઉત્સર્જનથી એમેઝોન રેઈનફોરેસ્ટ અને દક્ષિણપૂર્વ આફ્રિકામાં ભારે હવામાન ઘટનાઓનું



જોખમ લગભગ બમણું થઈ ગયું છે. વૈજ્ઞાનિકો માને છે કે આ આંતરરાષ્ટ્રીય અસર વાતાવરણીય રસાયણશાસ્ત્ર, વૈશ્વિક હવા પ્રવાહો અને આબોહવા ઉષ્ણતાની ભૌતિક પ્રક્રિયાઓ દ્વારા પ્રેરિત છે. પવનોને કોઈ સીમાઓ નથી હોતી, તેથી પ્રદૂષણ રાષ્ટ્રીય નહીં પણ વૈશ્વિક કટોકટી બની ગયું છે. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના વાતાવરણીય વૈજ્ઞાનિક પ્રોફેસર ડેનિયલ જેકબ સમજાવે છે કે ઉત્તર અમેરિકાના પ્રદૂષણના કણો જેટ સ્ટ્રીમ સાથે એશિયામાં મુસાફરી કરે છે, જ્યારે યુરોપના પ્રદૂષકો એમેઝોન બેસિન અને ઉષ્ણકટિબંધીય આફ્રિકા સુધી પહોંચે છે.

## છત્તીસગઢના બકરકટ્ટામાં નક્સલી રામધર મજ્જીએ ૧૨ સાથીઓ સાથે કર્યું આત્મસમર્પણ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

છત્તીસગઢના બકરકટ્ટામાં આજે સવારે કુખ્યાત નક્સલી કમાન્ડર રામધર મજ્જીએ આત્મસમર્પણ કર્યું. રામધર મજ્જી હિડમા જેવો નક્સલવાદી હતો. તેની સાથે, અન્ય ૧૨ ખતરનાક નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. સેન્ટ્રલ કમિટી મેમ્બર રામધર મજ્જી માટે ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ નક્સલીઓના આત્મસમર્પણ સાથે, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ ઝોન નક્સલમુક્ત બન્યા છે.

શરણાગતિ સ્વીકારનારા નક્સલીઓમાં રામધર મજ્જી, ત્રણ ડિવિઝનલ વાઈસ કમાન્ડર અને અન્ય મુખ્ય સભ્યોનો સમાવેશ થાય છે. તેમની પાસેથી એકે-૪૭, આઈએનએસએએસ રાઈફલ્સ અને SLR જેવા ઘાતક



શસ્ત્રો પણ મળી આવ્યા છે.

માહિતી અનુસાર, રામધર મજ્જી ઉત્તર બસ્તર ડિવિઝનમાં સક્રિય હતો. તેણે ખૈરાગઢના કુમ્હી ગામમાં બરકટ્ટા પોલીસ સ્ટેશનમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. તેની સાથે, ડિવિઝનલ કમિટી મેમ્બર રેન્ક ચંદુ ઉસેન્ડી, લલિતા, જાનકી અને પ્રેમ જેવા ખતરનાક નક્સલીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આમાંથી બે નક્સલીઓ એકે-૪૭ અને આઈએનએસએએસ હથિયારોથી સજ્જ હતા.

## હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર જેવા પર્વતીય રાજ્યોમાં હળવી બરફવર્ષા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

ઉત્તર ભારતીય રાજ્યોમાં ઠંડીનું વાતાવરણ ચાલુ છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર જેવા પર્વતીય રાજ્યોમાં હળવી બરફવર્ષા થઈ રહી છે. આગામી દિવસોમાં વધુ બરફવર્ષા થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગે ત્રણ રાજ્યોમાં વરસાદની ચેતવણી



જારી કરી છે અને ઘણા શહેરોમાં ભારે ઠંડીની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દિલ્હી, નોઈડા, દેહરાદૂન અને શિમલા સહિત અનેક શહેરોમાં તાપમાન ઘટશે.

તીવ્ર ઠંડીની સાથે, હવામાન વિભાગે ત્રણ રાજ્યોમાં વરસાદની ચેતવણી જારી કરી છે. આઈએમડીએ તમિલનાડુ, પુડુચેરી અને આંધ્રપ્રદેશના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે.

## શેરબજાર ખુલતા સેન્સેક્સ ૬૧૦ પોઈન્ટ ગગડ્યો : નિફ્ટીમાં ૨૨૬ પોઈન્ટનો ઘટાડો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૮

ભારતીય શેરબજારમાં આજે ભારે ઘટાડો જોવા મળ્યો, જેના કારણે રોકાણકારોમાં ગભરાટ ફેલાયો. સોમવારે, અઠવાડિયાના પહેલા દિવસે, BSE સેન્સેક્સ ૬૦૯.૬૮ પોઈન્ટ (૦.૭૧%) ઘટીને ૮૫,૧૦૨.૬૯ પર બંધ થયો. તેવી જ રીતે,એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૨૨૫.૯૦ પોઈન્ટ (૦.૮૬%) ઘટીને ૨૫,૯૬૦.૫૫ પર બંધ થયો. આજના ભારે ઘટાડા માટે ઘણા કારણો જણાવવામાં આવી રહ્યા છે, જેમાં ભારતીય રૂપિયામાં તીવ્ર ઘટાડો, ફેડરલ રિઝર્વના નિર્ણયોની રાહ જોવી અને વિદેશી રોકાણકારો દ્વારા વેચાણનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે ગયા અઠવાડિયે પણ બજાર ફ્લેટ ટ્રેડ થયું હતું. સોમવારે, સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર એક, ટેક મહિન્દ્રા, ૧.૩૨% વધીને લીલા નિશાનમાં બંધ થયો, જ્યારે બાકીની ૨૯ કંપનીઓ લાલ નિશાનમાં બંધ થઈ.

## રાજસ્થાન સરકાર પાસેથી ધર્માંતરણ વિરોધી કાયદાની માન્યતા માટે સુપ્રીમે જવાબ માંગ્યો

(એચ.એસ.એલ),જયપુર,તા.૮

સુપ્રીમ કોર્ટે સોમવારે રાજસ્થાન સરકારને નોટિસ જારી કરીને રાજસ્થાન પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન એક્ટ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજી પર જવાબ માંગ્યો.

જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની



બેન્ચે કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ કરાયેલી અરજીને અન્ય સમાન પેન્ડિંગ કેસ સાથે જોડી દીધી.

અરજદારે કાયદાને "અલ્ટ્રા વાયર્સ અને ગેરબંધારણીય" જાહેર કરવાની માંગ કરી છે. કોર્ટે અગાઉ અલગ અલગ સમાન અરજીઓની સુનાવણી શરૂ કરતી વખતે રાજસ્થાન સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

## ૨૦૨૬માં યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ભારતની મુલાકાતે આવે તેવી સંભાવના

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત પૂર્ણ થયા પછી, હવે એવી ચર્ચા છે કે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી નવા વર્ષ, ૨૦૨૬ ની શરૂઆતમાં નવી દિલ્હીની મુલાકાત લઈ શકે છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીની ભારત મુલાકાતની તારીખો પર ચર્ચા થઈ રહી છે. પુતિન પછી ઝેલેન્સકીની ભારત મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. એક અહેવાલ મુજબ, પુતિનની ભારત મુલાકાત પહેલા જ નવી દિલ્હી અને ઝેલેન્સકીનું કાર્યાલય સંપર્કમાં હતું. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીની ભારત મુલાકાતનો સમય અને અવકાશ ઘણા પરિબળો પર આધારિત રહેશે, જેમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ યોજના કેવી રીતે આગળ વધે છે અને યુદ્ધના મેદાનમાં વિકાસ કેવી રીતે થાય છે તે શામેલ છે.



યુક્રેનનું સ્થાનિક રાજકારણ ઝેલેન્સકીની ભારત મુલાકાતને અસર કરી શકે છે. નોંધનીય છે કે, યુક્રેને અત્યાર સુધીમાં ફક્ત ત્રણ વખત જ ૧૯૯૨, ૨૦૦૨ અને ૨૦૧૨ માં તેના રાષ્ટ્રપતિને ભારત મોકલ્યા છે. અહેવાલ મુજબ, ભારતીય અધિકારીઓ ઝેલેન્સકીના વિશ્વાસુ અને ચીફ ઓફ સ્ટાફ, એન્ડ્રી યર્માક સાથે સંપર્કમાં હતા, જેમણે તાજેતરમાં ભ્રષ્ટાચાર કૌભાંડને કારણે રાજીનામું આપ્યું હતું. હવે જ્યારે તેઓ ગયા છે, ત્યારે નવી દિલ્હી ઝેલેન્સકીના કાર્યાલયમાં નવા અધિકારીઓનો સંપર્ક કરી રહી છે જેથી વાટાઘાટો આગળ વધી શકે અને પરસ્પર અનુકૂળતાએ તારીખો ગોઠવી શકાય.

## યુએસ કોસ્ટગાર્ડ અને નેવીએ કેરેબિયન સમુદ્રમાં ડ્રગ તસ્કરની બોટ ઝડપી મસમોટો જથ્થો જપ્ત કર્યો

મિયામી,તા.૮

યુએસ કોસ્ટગાર્ડ અને નેવીએ કેરેબિયન સમુદ્રમાં ડ્રગ તસ્કરની બોટ પર એક સનસનાટીભર્યું ઓપરેશન હાથ ધર્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં સ્પષ્ટપણે દેખાય છે કે યુએસ કમાન્ડો નાની બોટમાં ચઢી રહ્યા છે અને બંદૂકની અણીએ ત્રણ શંકાસ્પદોને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરી રહ્યા છે. ત્યારબાદ બોટની અંદર છુપાયેલા ડ્રગ્સના સેંકડો રંગબેરંગી પ્લાસ્ટિકના બંડલ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા ડ્રગ્સમાં મોટાભાગે કોકેઈન અને અન્ય માદક દ્રવ્યોનો સમાવેશ થતો હતો. વીડિયોમાં યુએસ કમાન્ડો ફિલ્મી શૈલીમાં બોટ પર ઉતરતા દેખાય છે. ત્યારબાદ ત્રણેય શંકાસ્પદ લોકો તરત જ ઘૂંટણિયે પડીને સૂઈ જાય છે. યુએસ સૈનિકો બોટની અંદરથી વાદળી, પીળા, લાલ અને લીલા પ્લાસ્ટિકમાં લપેટાયેલા ભારે બંડલ કાઢે છે. દરેક બંડલ પર



એક અનોખો કોડ અને નિશાન હોય છે. યુએસ સધર્ન કમાન્ડે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે આ ઓપરેશન શુક્રવારે રાત્રે વેનેઝુએલાના દરિયાકાંઠે આશરે ૧૨૦ નોટિકલ માઈલ દૂર કરવામાં આવ્યું હતું. જપ્ત કરાયેલા ડ્રગ્સનું વજન આશરે ૨,૮૦૦ કિલોગ્રામ (૨.૮ ટન) છે, જેની કિંમત ખુલ્લા બજારમાં US$૮૫ મિલિયન (આશરે રૂ. ૭૨૦ કરોડ) થી વધુ છે. ત્રણેય શંકાસ્પદ વેનેઝુએલાના નાગરિકો છે. તેમના પર કોલંબિયા અને વેનેઝુએલા દ્વારા મધ્ય અમેરિકાથી યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપમાં ડ્રગ્સની દાણચોરીનો પ્રયાસ કરવાનો આરોપ છે.

# રાજ્યમાં આજથી પવનના સુસવાટા સાથે ઠંડીમાં વધારો થશે : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૮



સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડી વધુ રહેવાની શક્યતા છે, અને ઉત્તર ગુજરાતમાં પણ ઠંડી વધુ રહેવાની શક્યતા છે, જેમાં નલિયામાં સૌથી ઓછું તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આગામી દિવસોમાં, ખાસ કરીને ડિસેમ્બરમાં, ઠંડી વધુ તીવ્ર બનવાની શક્યતા છે, જેમાં ૮ ડિસેમ્બર બાદ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. ગુજરાતના જિલ્લાઓમાં જે તાપમાન નોંધાયું છે તેમાં દાહોદ ૧૧.૬° સે. (સૌથી ઓછું), નલિયા ૧૨.૬° સે., ગાંધીનગર ૧૩.૨° સે., કંડલા ૧૩.૨° સે., ડીસા ૧૩.૮° સે., વડોદરા ૧૪.૧° સે., અમદાવાદ ૧૫.૮° સે., કેશોદ ૧૬.૨° સે. રહ્યું. હવામાન વિભાગના નિયામકના જણાવ્યા અનુસાર, આજથી સામાન્ય રીતે ઠંડીનો માહોલ રહેશે. ઠંડીની અસર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે અનુભવાશે. આ પહેલા રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયામાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદમાં પણ ૧૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ૮ ડિસેમ્બર પછી રાજ્યમાં ઠંડીની તીવ્રતા વધશે. આગામી ૨૪ કલાક સુધી રાજ્યમાં શુષ્ક હવામાનની આગાહી છે. રાત્રિ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કેટલાક ભાગોમાં તાપમાનમાં ઘટાડો થયો હતો.

# આટકોટ ગામ નજીક હોટલના પાર્કિંગમાં પડેલ ટેન્કરમાંથી રૂ. ૨.૨૨ કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૮



સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામ ખાતે આવેલી બાપા સીતારામ હોટલના પાર્કિંગમાં પડેલા ટેન્કરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૨,૨૨,૬૨,૩૧૯ રૂપિયાની કિંમતની ૨૬,૭૨૪ બોટલો કબજે કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનારા સંજય ચાવડા દ્વારા રાજકોટ ગ્રામ્યના આટકોટ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ અંતર્ગત રાજસ્થાનના બારમેર જિલ્લાના વતની ૨૧ વર્ષીય જોગરામ જાટ તેમજ ૧૭ વર્ષીય સગીર તેમજ રાજસ્થાનના ફતેપુરના અનિલ પંડ્યા નામના દારૂના મુખ્ય સપ્લાયર તેમજ અનિલ પંડ્યાના સર્વન્ટ તેમજ ટેન્કર ઓનર અને આટકોટ ખાતે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રિસીવ કરનાર અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

પ્રોહિબિશનની રેડ કરનાર સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ એસ.વી. ગળચરે મીડિયા સાથેની વાતચીતમાં માહિતી આપી હતી.

# અમદાવાદ શહેરમાં રિક્ષાચાલકો પાસેથી પોલીસના હપ્તારાજનો પર્દાફાશ કરતી કોંગ્રેસ

**વહીવટદારો એક રિક્ષાદિઠ દર મહિને રૂ.એક હજારની ઉઘરાણી : રિક્ષાચાલક**

અમદાવાદ,તા.૦૮

અમદાવાદમાં દોડતી શટલ રિક્ષામાં એક અલગ જ પ્રકારનું સ્ટિકર લગાવેલું કોંગ્રેસ નેતાના ધ્યાનમાં આવ્યું. આ સ્ટિકર વિશે જ્યારે રિક્ષાચાલક સાથે વાત કરી ત્યારે તેમને જાણવા મળ્યું કે આ સ્ટિકર પર પોલીસ દ્વારા હપ્તારાજનું કૌભાંડ ચાલે છે. દર મહિને અલગ-અલગ કલરનું સ્ટિકર લગાવીને પોલીસ અને વહીવટદારો એક રિક્ષાદીઠ દર મહિને એક હજાર રૂપિયાની ઉઘરાણી કરે છે. આ સ્ટિકર લગાવવાનું કારણ એ છે કે જે રિક્ષા પર સ્ટિકર લાગ્યું હોય તે રિક્ષાચાલકે પોલીસને હપ્તો આપ્યો હોવાનું માની તેની રિક્ષાને કોઈપણ પોઈન્ટ પર રોકવામાં આવતી નથી. જો કોઈ રિક્ષાચાલક આ સ્ટિકર લગાવે નહીં તો તેને અલગ-અલગ પોઈન્ટ પર રોકીને ડિટેઈન કરીને દંડ કરવામાં આવતો હોવાનો આક્ષેપ પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

# દારૂબંધીને કારણે જ ગુજરાતમાં વહેલી સવાર સુધી દીકરીઓ ગરબા રમે છે : આનંદીબેન પટેલ

અમદાવાદ,તા.૮



અમદાવાદમાં આનંદીબેન પટેલના જીવન સંઘર્ષ પર લખાયેલા 'ચૂનોતિયા મુઝે પસંદ હૈ' નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં બાળપણથી રાજ્યપાલ સુધીની સફર આવરી લેવાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે પુસ્તકનું વિમોચન કરાયું. આનંદીબેન પટેલે પોતાના સંબોધનમાં દારૂબંધી મુદ્દે બોલતા કહ્યું કે, મેં ત્યાં દારૂ છોડાવી દીધો અને અહીં દારૂબંધી લોકો હટાવી રહ્યા છે. શું થઈ રહ્યું છે આ? ગુજરાતમાં શાંતિ ભંગ ન થવા દેવી જોઈએ. તેમણે આગળ કહ્યું કે, મેં સાંભળ્યું છે કે, તમે ગુજરાતમાં જે દારૂબંધી છે તેને કાઢવાની વાત કરો છો, મેં તો પેપરમાં વાંચ્યું છે. સાચું ખોટું મને ખબર નથી. આપણે ત્યાં દીકરીઓ ગુજરાતમાં ચાર-ચાર વાગ્યા સુધી ગરબા ગાઈ શકે છે, તેનું કારણ દારૂબંધી છે. ઉત્તર પ્રદેશમાં આજે પણ કેટલીક જગ્યાઓએ બહેનો બહાર નીકળી શકતી નથી તેવી સ્થિતિ છે. ભવિષ્યમાં શું પરિણામો આવશે તે વિશે વિચાર કરીને કરવું પડશે. ગુજરાત જે રીતે દીકરીઓ માટે એક શાંતિમય વાતાવરણ આપે છે. આજે જે પણ ઉચ્ચ હોદ્દા પરના લોકો કામ કરવા માટે રહ્યા, તેમના પરિવારો ક્યાં વસ્યા છે તે તો જુઓ. ક્યાં પાછા ગયા, ગુજરાતમાં જ વસ્યા ને? શું કામ ગુજરાતમાં વસ્યા? મહિલાઓને શાંતિ જોઈએ છે, અને એ શાંતિનો ભંગ ન થવો જોઈએ.

# રાજ્યમાં હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદા લંબાવાઈ

ગાંધીનગર,તા.૦૮

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે મુંબઇ હોમગાર્ડ્ઝ રૂલ્સ, ૧૯૫૩ના નિયમ- ૯ માં આ અંગે સુધારો કરવા નિર્ણય લીધો છે.

જેને પરિણામે હવે હોમગાર્ડઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા ૫૫ વર્ષથી વધારીને ૫૮ વર્ષ થશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યમાં આ દળ પોલીસના પૂરક બળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. હોમગાર્ડ્ઝના જવાનો માનદ સેવા આપીને ચૂંટણી બંદોબસ્ત, ટ્રાફિક ફરજો, રાત્રી પેટ્રોલિંગ, વી.આઈ.પી. બંદોબસ્ત, ધાર્મિક/મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે.

# ભુજના કુકમા નજીક બોરવેલમાં ફસાયેલા યુવકનો મૃતદેહ ૯ કલાકની જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યો

ભુજ,તા.૮



ભુજમાં બોરવેલમાં ફસાયેલા એક યુવકનો મૃતદેહ અંતે નવ કલાક બાદ બહાર કાઢવામાં આવ્યો હતો. મૂળ ઝારખંડના આ યુવકને દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના ડોક્ટરે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. રૂસ્તમ શેખ નામનો ઝારખંડનો આ યુવક ભુજમાં કુકમા ખાતે આશાપુરા ટેકરી પાસે ગોપાલભાઈની વાડીમાં ખેતમજૂરી કરતો હતો. બીજીતરફ કૌટુંબિક ઝઘડાથી કંટાળીને તેણે અહીંના એક બોરવેલમાં પડતું મુક્યું હતું. અંદાજે એક ફૂટ પહોળાઈના આ બોરવેલમાં ૧૫૦ ફૂટના ઉંડાણમાં આ યુવક ફસાઈ ગયો હતો. આ બનાવ અંગે જાણ થતા ફાયરબ્રિગેડ તથા વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે ધસી ગયા હતા. બાદમાં બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# રાજકોટમાં લવમેરેજનો કરૂણ અંજામ આવ્યો, પત્નીને છરીના ઘા મારી પતિએ પતાવી દીધી

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૮



રાજકોટ શહેરમાં લવમેરેજ કરનાર ૨૭ વર્ષીય પરિણીતાને તેની બહેનપણીના ઘરે તેના જ પતિએ છરીના પાંચથી વધુ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી છે. જે બનાવ અંગે પોલીસને જાણ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ બનાવનું કારણ ઘરકંકાસ હોવાનું સામે આવ્યું છે. વિગતવાર વાત કરીએ તો રાજકોટ શહેરમાં રવિવારે ૨૭ વર્ષીય નિલેશ્વરી બોરીચા નામની પરિણીતાની હત્યા તેના જ પતિ યોગેશ બોરીચાએ કરી નાખી છે. મૃતક નિલેશ્વરી તેની બહેનપણી જલ્પાના ઘરે રાજકોટ શહેરના દૂધસાગર રોડ ઉપર ગુજરાત હાઉસિંગ બોર્ડ શેરી નંબર ૧૦માં હાજર હતી, ત્યારે નિલેશ્વરીના પતિએ નિલેશ્વરીને છરીના પાંચથી વધુ ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દીધી છે. બનાવ સંદર્ભે થોરાળા પોલીસ દ્વારા મૃતક નિલેશ્વરીના પતિ યોગેશની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. આ મામલે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો અનુસાર, મૃતક નિલેશ્વરી અને યોગેશના ચાર વર્ષ પૂર્વે લવમેરેજ થયા હતા.

# તમામ રાજકીય પાર્ટીના નેતાઓ ભ્રષ્ટાચાર આચરતા હોવાનો સાંસદ મનસુખ વસાવાનો આક્ષેપ

(એચ.એસ.એલ),ભરૂચ,તા.૮

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ રાજકીય પાર્ટીઓ પર મોટો આરોપ લગાવ્યો છે. ભાજપના નેતાઓ પર પણ તોડપાણી આક્ષેપ લગાવ્યો છે. તેમણે નામ લીધા વગર ચૈતર વસાવા પર પણ આરોપ લગાવ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આપની મિલીભગતથી મોટા ભ્રષ્ટાચાર થતા હોવાનું જણાવ્યું. નર્મદા જિલ્લાના સાંસદ મનસુખ વસાવાએ આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં નામ લીધા વગર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત અન્યો પર ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા છે. સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું કે, જિલ્લામાં યોજાયેલા સરકારી કાર્યક્રમોના ખર્ચ અંગે આપના કેટલાક નેતાઓ ખોટો હોબાળો સર્જે છે અને અધિકારીઓ પર દબાણ કરી વારંવાર તતડાવતા હોય છે. તેમના આક્ષેપથી રાજકીય ભૂકંપ સર્જાયો છે.


HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(1) સેલ્સ એક્ઝિક્યુટિવ (Girl) - 03
(2) હેલ્પર................................04
(3) મિકેનિક..............................03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo. 82005 00295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો













naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ); રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ); રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨; રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



